Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૯ • તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭ થી ૦૧ ઑક્ટોબર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રદ્ધાંજલિ



## દીપક દામજી શામજી પોલડીયા - ક૧

(ગોએરસમા) ફૈજપુર - ભુસાવલ

જ્ઞાતિના પ્રથમ પંક્તિના યુવા કાર્યકર

શ્રી પારોલા ક.દ.ઓ. શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘના પ્રમુખ

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટી

શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ, માનદ્‌મંત્રી

શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ જિનેન્દ્રસાગર સુરીશ્વરજી

શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ધુલિયાના ઉપપ્રમુખ

ધર્મ – સમાજોન્નતિ કાજે કર્યું અવિરત તર્પણ

સમર્પિત સેવાનિષ્ઠાનું બન્યા દૃષ્ટાંતમય દર્પણ

## પ્રકાશ – સમીક્ષા સમિતિ



# શ્રધ્ધાંજલિ

સત્કાર્યો અને ધર્મસેવા દ્વારા જીવનને,
ધન્ય બનાવનારા આપને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

## ખાનદેશરત્ન સ્વ. દિપકભાઈ દામજી પોલડીયા

**(ગોએરસમા) ભુસાવલ**

જન્મ તા. ૧૪/૨/૧૯૫૬ અરિહંત શરણ તા. ૧૭/૯/૨૦૧૭

માનવીની સુવાસ એટલે તેની માણસાઇનો મઘમઘાટ...
બુજાઇ ગયો દિપક રહી ગયો અવનીએ ઝગમગાટ...
ઓલવાઇ પ્રજ્વલિત જ્યોત, મધદરિયે આવી ઓટ...
સંસ્થાને પડી અગણિત ખોટ, પથદર્શક બનશે તમારી કર્મજ્યોત...
આપની યાદોને સંભારણું બનાવી જીવંત રાખશું સદાય...
અમારી પ્રભુને પ્રાર્થના રાખે ઉઘાડા મોક્ષના દ્વાર...
આપનો આત્મા પામે પરમ શાંતિ એજ હૈયે હામ...

**શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, પારોલા**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ, મલકાપૂર**
**શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જીનેન્દ્રસાગર સુરીશ્વરજી**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ, ધુલીયા**



# શ્રદ્ધાંજલી સુમન અર્પણ

## સ્વ. દિપકભાઇ દામજી પોલડીયા

એમના હૃદયમાં સદાય દયા અને પ્રેમ વસતું,
એમના મુખેથી સદાય અમ્રતવાણી વહેતી,
એમના નેત્રોમાં સદાય વિનય ભાવ વર્તાતો,
એમના જીવનામાં સદાય જ્ઞાતિના
કાર્યો કરવાની પ્રેરણા ઝરતી હતી
એવા દિપકભાઇ પોલડીયાને....
શ્રદ્ધાંજલી સુમના અર્પણ!!!

**કચ્છરત્ન શેઠ શ્રી. નરસીભાઇ જેઠાભાઇ દંડ પરિવાર**
(વરાડીયા) મલકાપૂર-બુરહાનપુર

# ૧૦મી પુણ્યતિથીએ અશ્રુભીની શ્રદધાંજલિ



જન્મ :
તા. ૧૨.૪.૧૯૮૭

અરિહંત શરણ :
તા. ૩૦.૯.૨૦૦૭

**સ્વ. પ્રતિક જવેરચંદ મુલજી તેજપાર પટેલ**
(ડોંબીવલી - બાંઢીયા)

નથી હયાત પણ સતત સાથે છે
એવું લાગ્યા કરે છે.
હર ક્ષણે તારા અસ્તિત્વનો આછો
આભાસ લાગ્યા કરે છે
તારી કહેવાયેલી વાતોના સતત
ભણકારા વાગ્યા કરે છે.
સમયની સાથે તસ્વીરમાં
**પ્રતિક** તારી યાદ આવ્યા કરે છે.

**સ્નેહભરી યાદોમાં સદાય વ્યાકુળ**

માતા-પિતા : **અ.સૌ. અમીતા જવેરચંદ મુલજી પટેલ**
ભાઈ-ભાભી : **અ.સૌ. મોહિતા જતીન જવેરચંદ પટેલ**
ભત્રીજા : **રીતીક અને નીલ જતીન પટેલ**

PATEL OPTIK

|| શ્રી અનંતનાથ સ્વામીને નમઃ ||

# તપ અને ત્યાગ ધર્મની અંતઃકરણપૂર્વક અનુમોદના

**પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી યુગભુષણસૂરીશ્વરજી મ.સા.** (નાના પંડીત મ.સા.) ની કૃપાથી તથા



તેમની નિશ્રામાં અમારી પુત્રી **ચિ. લેશા** એ **ચોસઠ પહોરી પૌષધ વ્રતમાં અઠાઈ** અને પૌષધ પારીને લાડીલા ભાઈને સાથ આપવા એક ઉપવાસ તપની આરાધના એમ કુલ **૯ ઉપવાસ** નું તપ ખૂબજ ઉલ્લાસથી પૂર્ણ કરેલ છે. ૨૦૧૫માં પાલીતાણા મુકામે લેશાએ **અઢારિયો તપ** પણ શાતાપૂર્વક કરેલ છે.

તથા



અમારા સુપુત્ર **ચિ. તન્મય** એ પણ હર્ષોલ્લાસથી **અઠાઈ તપ** પૂર્ણ કરેલ છે. ગત વર્ષની અઠાઈ બાદ આ વર્ષે ચાર્તુમાસમાં પ.પૂ. આચાર્ય ભગવંતના મુંબઈમાં પ્રવેશ થવાનાં દિવસથી જ લગભગ **૭૦ દિવસમાં એકાસણાં** કર્યા બાદ પર્યુષણ પર્વમાં સતત બીજી **અઠાઈ તપ**ની આરાધના શાતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

**જૈન ધર્મની તપસ્યા જેટલી આવશ્યક છે એટલીજ અઘરી પણ છે. નાની ઉંમરમાં અમારા બાળકોએ કરેલ ઉપરોક્ત તપ આરાધનાં માટે અમે દેવ-ગુરુ ધર્મના ઋણી છીએ.**

'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવી નીત્ય રહે....





ઋણી / કૃતાર્થ : **મનીષ તથા છાયા ડાગા**
શુભ આશીષ : **માતુશ્રી સરલાબેન પ્રતાપભાઈ ડાગા**
**માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદભાઈ મેપાણી**

સર્વ જ્ઞાતિજનોને હૃદયપૂર્વક **''મિચ્છામિ દુક્કડમ્''**

| | | |
|---|---|---|
| નામ | : | **લેશા મનીષ પ્રતાપ ડાગા** - વરાડીયા |
| માતા-પિતા | : | **છાયા અને મનીષ પ્રતાપ ડાગા** |
| ભણતર | : | **Textile Engineer** (B.Tech in Textile Processing Technology) |
| કૉલેજ | : | Institute of Chemical Technology (ICT, previously UDCT) in Matunga. College is ranked No. 1 in India and No. 6 in the World. |
| રૅન્ક | : | **ચારેય વર્ષોમાં TOP 2 in College**<br>1st Year 2nd, 2nd Year 1st, 3rd Year 1st, 4th Year 2nd |
| સ્કૉલરશિપ | : | Engineering નાં છેલ્લા વર્ષમાં સ્પેશલ Scholarship Award મળેલ જે છેલ્લા ૪ વર્ષોમાં ઉચ્ચતમ છે. |
| Extra Activities | : | કૉલેજમાં વિવિધ Projects, કૉમ્પિયરિંગ (Compering) તથા કૉલેજ ફેસ્ટીવલનું આયોજન |
| ધર્મક્રિયા | : | આ વર્ષ ૬૪ પહોરી પૌષદ સહ ૮ ઉપવાસ તથા ભાઈ ને અઠાઈમાં સાથ આપવા ૯મો ઉપવાસ<br>૨ વર્ષ પહેલા પાલીતાણામાં ઉપધાન તપમાં અઢારિયો કરેલ છે. |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 39/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# યુવાવર્ગને જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં વાળવાની ઉત્તમ તક

કોઈ પણ સમાજનો સાંપ્રત યુવાવર્ગ તે સમાજના વીસેક વર્ષ પછીના ભવિષ્યનું ચિત્ર દર્શાવતું દર્પણ હોય છે.

આજના સમયમાં આ યુવાઓના વયજુથ પ્રમાણે જુદા જુદા વિભાગો પાડી શકાય, જેમાં ૨૦ થી ૩૦, ૩૦ થી ૪૫ અને ૪૫ થી ૬૦-૬૫ જેવું વર્ગીકરણ કરીએ તો પહેલા વિભાગમાં શાળા શિક્ષણનાં છેલ્લાં વર્ષોમાં સમાજની ગતિવિધિઓને જોવા-જાણવાની જે સમજણ કેળવાઈ હોય તેનાથી કુદરતી રીતે સમાજની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની હોંશ ઉદ્ભવી હોય જેનો કોલેજના પ્રારંભના વર્ષોમાં વધારે વિકાસ થયો હોય પરંતુ તે પછી શૈક્ષણિક કારકિર્દીમાં સફળ થવા પરત્વે તમામ લક્ષ્ય-ધ્યેય કેન્દ્રિત થયા હોય તેને લીધે થોડાં વર્ષોની વિશ્રાંતી પછી અને સ્નાતક સ્તરે કે અભ્યાસ પૂર્ણ થયા બાદ સાંસારિક જીવનના પ્રારંભ કાળની સાથેસાથ સમાજના બે-એક દાયકા જુના મિત્રો-સંબંધીઓ સાથે અથવા તો સ્વતંત્રપણે વ્યક્તિગત અભિલાષાઓને મૂર્તિમંત કરવા ધાર્મિક-સામાજિક પ્રવૃત્તિઓ પરત્વે વધતા જતા ખેંચાણ કે આકર્ષણ અનુભવવાના તબક્કાનો સમાવેશ કરી શકાય.

એ પછીના બે વયજુથો ક્રમશઃ સામાજિક સંસ્થાઓમાં યુવાગ્રુપ, વ્યવસ્થાપક સમિતિનું સભ્યપદ, મંત્રી, ઉપપ્રમુખ કે ટ્રસ્ટીનો હોદો, મેનેજીંગ ટ્રસ્ટી, પ્રમુખપદ કે અધ્યક્ષપદ એ રીતના દોરમાં થતી સામાજીક જીવનની પ્રગતિને આવરી લે છે.

અલબત, ઉપરોક્ત વર્ગીકરણ બાબત મત-મતાંતર હોઈ શકે પરંતુ તેને ઝાઝું મહત્વ ન આપીએ અને અત્યારની પરિસ્થિતિમાં ખાસ કરીને ૧૫ થી ૩૫-૪૦ વર્ષના વયજુથના જ્ઞાતિ યુવક-યુવતીઓ વિષે વિચારણા કરીએ તો તેમનામાં જ્ઞાતિ અંગે સમજણ એટલે કે જ્ઞાતિરૂપી એક ઘટક કે એકમનું શું મહત્વ છે તે અંગે તેમની વિચારધારા શી છે તે તપાસવી જોઈએ.

તેવી જ રીતે તેમના વર્તમાન કે ભાવિ માટે જ્ઞાતિ ખરેખર ઉપયોગી મંચ કે માધ્યમ બની શકે છે કે બનશે તેની મુંઝવણ તેઓ અનુભવતા હોય છે એ વિષે પણ વિચારણા થવી જોઈએ.

સામી બાજુએ, જ્ઞાતિના મહાજનો, મંડળો, સંઘોમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ માટે તેમને સ્વતઃ કેટલો રસ કે ઉમળકો છે કે પછી તેઓ જ્ઞાતિ થી વિમુખ બન્યા છે અથવા તો જ્ઞાતિથી તદ્દન અલિપ્ત જેવા થઈ ગયા છે તે વિષે પણ વિચાર મંથન થવું જોઈએ.

અલબત્ત, એ તો નરી હકિકત છે કે ઉપરોક્ત પ્રશ્નો અને પરિસ્થિતિઓમાં જરા ઊંડા ઉતરીએ તો અન્ય જ્ઞાતિ સમાજોની જેમ આપણી જ્ઞાતિમાં પણ નકારાત્મક ચિત્ર દેખાઈ રહ્યું છે.

આમ છતાં, નવાઈની વાત એ છે કે જ્ઞાતિના વતનનાં ગામોનાં અને સ્થાનિક મહાજનોના અધિકારીઓમાં તેમજ સમસ્ત મહાજનના સભ્યો અને ટ્રસ્ટીઓમાં, જ્ઞાતિમાં ઠેર ઠેર નજરે પડતી લગભગ ૭૦% જેટલા મોટા ભાગના જ્ઞાતિ યુવાઓની આ

પ્રકારની અલિપ્તતા કે વિમુખતાના પ્રશ્નને તાકિદનો ગણીને તેના પર ગંભીર વિચાર વિમર્શ કરવાની અને તેમાંથી માર્ગ કાઢવા માટે સંયુક્તપણે પગલાં લેવાની તેમની પ્રાથમિક ફરજ અને જવાબદારી છે, તેવી સભાનતાનો જ અભાવ છે, જે પોતે જ એક ઘેરી ચિંતાનો વિષય છે.

આ અભાવ અને સુષુપ્તતા પરિસ્થિતિમાંથી સત્વરે બહાર આવવા માટે સમગ્ર જ્ઞાતિમાં એક સમુચિત જોરદાર ઝૂંબેશ ઉપાડવાની કોણ પહેલ કરશે ?

ચારેક મહિના બાદ મળનાર પ્રસ્તાવિત જ્ઞાતિ સંમેલનનો અથથી ઈતિ સુધીનો આયોજન - સંચાલનનો સઘળો દોર યુવા-યુવતિઓને અત્યારથી જ સોંપી દઈ સમસ્ત મહાજનના વર્તમાન ટ્રસ્ટીઓ એક ક્રાંતીકારી પલગું લેશે ?

પ્રકાશ સમીક્ષા માટે ઈ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનમ્ર વિનંતી.

**જાહેરાતકર્તાઓએ નોંધ લેવા વિનંતી**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઈ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ

**ચાલો ઘાટકોપર નગરે જી.વી.સી. જૈન સંઘમાં આયંબીલની ઓળી કરવા**

તપ ચક્રવર્તી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.**ના આર્શિવાદથી આ વખતે ઘાટકોપર નગરે અનંતછાયા મધ્યે શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘના સંગાથે આસો માસની આયંબીલની ઓળી પ્રારંભ સવંત ૨૦૭૩ ને આસો સુદ ૭ ને **બુધવાર તા. ૨૭-૦૯-૨૦૧૭** થી પૂર્ણાહુતિ આસો સુદ પૂનમ ને **ગુરૂવાર તા. ૦૫-૧૦-૨૦૧૭. તા. ૦૬-૧૦-૨૦૧૭ને શુક્રવાર**ના સંપૂર્ણ આયંબીલની ઓળી કરનારના પારણા સકળ શ્રી સંઘને આ આયંબીલની ઓળીનો લાભ લેવા વિનંતી. આયંબીલ કરનારને નામો નીચે મુજબના કાર્યકર્તાઓને લખાવવા વિનંતી.

**શ્રી રાજનભાઈ લોડાયા - 93230 30149**
**શ્રીમતી લતાબેન કુરૂવા - 93240 28932**

**આયંબીલની ઓળીના લાભાર્થી દાતાશ્રી આવકાર્ય**

**લી. શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘના**
**જય જિનેન્દ્ર**
પ્રમુખ **શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા**

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**

## શ્રધ્ધાંજલિ : મધ્યાહ્ને સુર્યાસ્ત....
## દીપક દામજી પોલડીયા, ૬૧



ગત ૧૬ સપ્ટેમ્બરના જ્ઞાતિના આ યુવા કાર્યકરનું ખામગામ ખાતે અચાનક અણધાર્યું નિધન થયું તેથી સમસ્ત જ્ઞાતિએ ઘેરા શોક-આઘાત અનુભવ્યા.

મહારાષ્ટ્ર એકમ દ્વારા ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરના બે દિવસના યોજાયેલ કાર્યક્રમમાં પહેલા દિવસનાં 'મહિલા મંચ' એ સાંસ્કૃતિક કાર્યક્રમ સંપન્ન થયા, તે પછી મોડી રાત સુધી બીજા દિવસના 'યુવા મંચ' અને 'એકમ'ની વાર્ષિક સામાન્ય સભાની તૈયારી રૂપે સહકાર્યકર ગોવિંદજી નેણસી સોની અને અન્ય સભ્યો સાથે વિગતવાર ચર્ચા વિચારણા કર્યા પછી વહેલી સવારે અચાનક તેમનું સ્વાસ્થ્ય કથળતાં ખામગામની પ્રતિષ્ઠિત હૉસ્પિટલમાં લઈ જવા સૌનો મત થયો પરંતુ દીપકભાઈને આવનારી પળોનો અણસાર આવી ગયો હતો અને તેમણે સાથીઓને નવકાર મંત્ર ઉવસગ્ગર સ્ત્રોત્રોચ્ચાર શ્રવણનો આગ્રહ રાખ્યો અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આઈ.સી.યુ.માં સારવાર આપવાનું શરૂ થયેલ તે પહેલાં જ તેઓ સર્વ ઉપસર્ગોને નિકાસિત કરતાં કરતાં, અરિહંત-સિધ્ધ-આચાર્યનું શરણ સ્વીકારી શાંતિનાથ દાદાના પુણ્ય સ્મરણ-સ્તુતિમાં ધ્યાન મગ્ન થઈ ગયા. અને આ ભવની દીપજ્યોતને કર્મ નિર્જરાના આગામી પથની જ્યોતમાં વિલીન કરી શુન્ય થઈ ગયા.

તેમની જીવન યાત્રાની થોડીક ઝલક મેળવીએ :

દીપકભાઈને કિશોરાવસ્થાથી જ સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ જાગ્યો હતો અને તે પ્રકારની પ્રવૃત્તિઓમાં હોંશે હોંશે ભાગ લેતા થઈ ગયા હતા.

કોલેજનું શિક્ષણ પૂરૂં થવાનું હતું તે અરસામાં તેમણે ફૈજાપુરના સ્થાનિક પ્રશ્નો-પ્રવૃત્તિઓમાં ઝુકાવ્યું અને તેમના ભાભી સૌ. નિર્મળા કિશોર પોલડીયાને ત્યાંની નગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા સમજાવ્યા અને તેમને જંગી બહુમતીથી વિજયી કરાવીને જ જંપ્યા. મિત્રો-સ્નેહીઓને ઉત્સાહિત કરી તેમના સાથ-સહકારથી સારૂં કાર્ય કરી શકાય છે તેવો આત્મવિશ્વાસ આ વિજયને કારણે તેમનામાં ઓર વધ્યો.

પરંતુ તે પછી તેમણો પોતાનાં સમય શક્તિને સામાજિક ક્ષેત્રે તેમજ કિશોર વયે પિતા દામજીભાઈની છત્રછાયાથી વંચિત થતાં માતુશ્રી લક્ષ્મીબાઈના અદમ્ય પ્રોત્સાહનથી વ્યાપાર ક્ષેત્રે વાળી લીધાં અને તેમાં પૂર્ણતઃ ધૂન-ઝનુનથી પ્રવૃત થઈ ગયા. સાથો સાથે પારોલા તીર્થમાં પણ તેટલી જ લગનથી સેવાઓ આપવાનું ન ભૂલ્યા.

આમ તો, આપણી જ્ઞાતિના ૧૫૬ વર્ષથી આસ્થા સ્થાન સમા પારોલા તીર્થમાં બાળપણથી જ તેમને આકર્ષણ અને શ્રધ્ધા હતાં, તે આજીવન દિન પ્રતિદિન વધતાં જ રહ્યાં. આ તીર્થ માટે તો તેમણે તન-મન-ધનથી સ્વાર્પણ જ કરેલું જે પાંચેક દાયકા સુધી ઉત્તરોત્તર બળવત્તર થતું ગયું. છેલ્લાં વીસેક વર્ષથી તેઓ પારોલા સંઘના પ્રમુખપદને શોભાવતા હતા. અહીંના ટ્રસ્ટથી તેઓ છેક ૧૯૮૦ થી સંકળાયેલા હતા અને સહ માનદમંત્રી થી પ્રમુખપદ સુધીના હોદાઓ તેમણે ખૂબ જ કાર્યક્ષમતાથી શોભાવ્યા. વહીવટી બાબતોમાં તો ખંતપૂર્વક રસ લેતા ને વિવિધ સમસ્યાઓનું નિરાકરણ પણ કરતાં પરંતુ અહીં ધાર્મિક અનુષ્ઠાનોમાં વૈવિધ્યપૂર્ણતા લાવી તેમણે પારોલા-ખામદેશની તો રંગછટા બદલી નાખી અને સમગ્ર જ્ઞાતિનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમના પ્રમુખપદ દરમ્યાન પારોલા ખાતે પાંચ અતિથિરૂમો, શાંતિભવનનાં રૂમોનું નૂતનીકરણ, મહાકાલી માતાજીની પુનઃપ્રતિષ્ઠા, ચક્રેશ્વરી માતાજીની પ્રતિષ્ઠા, દેવરત્નજી મહારાજ સાહેબનું ચાતુર્માસ, જ્ઞાતિ સ્તરે વરસીતપનાં પારણાં, અચલગચ્છ સંઘોના પ્રમુખશ્રીઓનું બહુમાન જેવા ધાર્મિક આસ્થાને ઉર્ધ્વગામી કરતા આયોજનો અને તેમાં પણ શિરમોર સમી પારોલા તીર્થની ૧૫૦ વર્ષની વર્ષ ૨૦૦૯માં શાનદાર ઉજવણી થઈ.

તેમણે ખાનદેશ કૉટન જીનીંગ એસોસીએશનના માનદમંત્રીપદે તેમજ કૉટન એસોસીએશન ઓફ ઈન્ડીયાના ડાયરેક્ટર પદે પણ નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી.

આમ તેમનું વ્યક્તિત્વ દરેકે દરેક પાસામાં ખીલ્યું અને વિકસ્યું, પરંતુ સ્વભાવે તેઓ મૃદુભાષી અને વિનમ્ર જ રહ્યા. પોતાના સાથી કાર્યકરોને પણ સાથે રાખીને તેમનામાં આત્મવિશ્વાસનો સુપેરે સંચાર કર્યો. ન કેવળ પારોલા સંઘે પણ સમસ્ત જ્ઞાતિએ બહુમુલ્ય સેવાઓ આપનો એક પ્રથમ પંક્તિનો યુવા કાર્યકર ગુમાવ્યો જેની ખોટ જ્ઞાતિને ખરેખર સાલશે જ. તેમને આદરાંજલિ અર્પણ.

### કલકત્તાના ગ્રાહકોને વિનંતી

**પ્રકાશ સમીક્ષાના અંક નં. ૩૬** (તા. ૪-૯-૧૭ થી ૧૦-૯-૨૦૧૭) કલકત્તાના જ્ઞાતિજનોને પોસ્ટ દ્વારા મોકલેલ તે અંકોની નકલો ટપાલ ખાતાએ અમને પાછી મોકલેલ છે તે અંગે તપાસ કરી ફરી રવાના કરેલ છે. આશા છે કે આપને સત્વર મળશે.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી દિપકભાઈ દામજી પોલડીયા

ગોએરસમા (ભુસાવલ)

જન્મ તા. ૧૪/૨/૧૯૫૬ અરિહંત શરણ તા. ૧૭/૯/૨૦૧૭

સૌમ્યશીલ, સરળ, પ્રેમાળ, લાગણીશીલ, ધર્મનિષ્ઠ એવા ઉચ્ચ આત્મા **શ્રી દિપકભાઈ**ના અવસાન બદલ સંઘને ન પુરી શકાય એવી ખોટ પડેલ છે. તેઓ ગોએરસમા-બારોઈ ગામની સુસુપ્ત અવસ્થાને જાગૃત કરવા માટેના અભિયાનમાં તન-મન-ધનથી જોડાયા હતા અને બંન્ને ગામને નવુ મહાજન એટલે કે સંયુક્ત મહાજનનું સ્વરૂપ આપવાનું પાયારૂપી કામ કરેલ. સાથે બન્ને ગામોના દેરાસરોની પુનઃપ્રતિષ્ઠા કરાવવામાં ચાવીરૂપ ભુમિકા ભજવી હતી.

તેઓએ પારોલા સંઘમાં વીસ વર્ષ સુધી પ્રમુખ તરીકેની સેવા આપી તથા મહારાષ્ટ્ર એકમમાં ઉચ્ચપદે ઘણા વર્ષો સુધી સેવા આપી. તેઓ આ સિવાય પણ ઘણી બધી સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેઓ સહયોગની ભાવના ધરાવતા પરોપકારી સ્વભાવ, સૌ પ્રત્યે સાદર અને સ્નેહભાવ સાથે હેતભીનું સાદગીભર્યું જીવન જીવી ગયા અને લાગણી સભર સ્મૃતિઓની સુવાસ પ્રસરાવી ગયા.

આવી પડેલા આ આઘાતને સહન કરવાની તેમના કુટુંબીજનોને પ્રભુ શક્તિ આપે. તેમજ પ્રભુ તેમની આત્માને પરમશાંતિ અને મોક્ષગામી બનાવે એજ અભ્યર્થના.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ**

ટ્રસ્ટીઓ, હોદ્દોદારો તેમજ કારોબારી સભ્યો વતી,

પ્રમુખશ્રી **ધનપતી કુંવરજી મોમાયા**


મહાવીર-માટુંગા સેલ • મહાવીર-માટુંગા સેલ

**એમ્બ્રોઈડરી સાડીઓનું**

**ભવ્ય સેલ**

**૨૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ**

- હાથ અને મશીન પારસીગારા ૨૦%
- ફેન્સી સાડીઓમાં ૨૦%
- ટેસ્ટેડ કસબની સાડીઓ ૨૦%
- ટેસ્ટેડ ચણીયા ચોળીમાં ૨૦%
- કસબની તૈયાર બોર્ડરમાં ૨૦%
- પ્લેઈન સાડી મટેરીયલ ૨૦%
- ઓર્ડર થી બનાવીને મજુરી ઉપર ૨૦%
- ઓલ્ટરેશન ઉપર ૨૦%
- બાંધણી માટે ફેન્સી બોર્ડર ૨૦%

સાચી જરીની સાડીઓ ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

કારીગરની સેમ્પલ સાડીઓ ઉપર ૪૦% થી ૫૦%

ગુરૂવાર તા. ૨૧-૯-૨૦૧૭ થી ગુરૂવાર તા. ૧૯-૧૦-૨૦૧૭

**દિવાળી સુધી દરરોજ**

**શ્રી મહાવીર'સ એમ્બ્રોઈડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ, ધનલક્ષ્મી અને એચડીએફસી બેંકની બાજુમાં, ફુલ ગલ્લી સામે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.

**ફોન : ૨૪૦૨ ૫૦૭૦ મોબાઈલ : ૮૬૫૨૨ ૩૯૫૩૭**


મહાવીર-માટુંગા સેલ • મહાવીર-માટુંગા સેલ


॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## શ્રી સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને સ્નેહમિલન પ્રસંગે ભાવભર્યું નિમંત્રણ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-સાંધવનું સ્નેહમિલન **તા. ૧૫-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ આયરીસ હૉલ (ગોપુરમ), જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં, આર.પી. રોડ, મુલુંડ** (વેસ્ટ) મધ્યે સવારના ૧૦.૦૦ વાગ્યાથી રાખવામાં આવેલ છે. સૌ સાંધવવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ. સ્નેહમિલન પ્રસંગે સરસ્વતી સન્માન અને વિવિધ દાતાશ્રીઓ ના સન્માન કરવામાં આવશે. સં. ૨૦૭૪ના દેરાસરજીના અષ્ટપ્રકારી ચડાવાનો આદેશ પણ આપવામાં આવશે.

**A** ગ્રેડ અથવા ઉચ્ચશ્રેણીમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ તેમની રિઝલ્ટની કોપી તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધી મોકલવા વિનંતી.

લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતી,**

**શ્રી શામજી નરશી દંડ** - પ્રમુખશ્રી

-: સંપર્ક સેતુ :-

| | | |
|---|---|---|
| **પ્રવિણ મોતા** | ડોંબિવલી (ઈસ્ટ) | - **9821330914** |
| **વિરચંદ ખોના** | ડોંબિવલી (વેસ્ટ) | - **9870989005** |
| **સંદીપ શાહ** | મુલુંડ (વેસ્ટ) | - **9867167387** |
| **રાજેશ દંડ** | ભાંડુપ (વેસ્ટ) | - **9930007826** |
| **પરેશ દંડ** | ડોંબિવલી (વેસ્ટ) | - **9819359401** |

## જૈન જગતમાં અચિંત્ય પ્રાચીન એવા શંખેશ્વર તીર્થનો મહિમા અપરંપાર છે.

૪૫ વર્ષ પહેલાંની આ વાત છે. મારા વડીલ ભાઈ (સ્વ.) જયંતીભાઈની સરકારી નોકરીના કારણે એ વખતે અમારા કુટુંબનો વસવાટ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર શહેરમાં હતો. મારી ઉંમર એ વખતે દસેક વર્ષની. એ સમયે હું શેઠ એન. ટી. એમ. હાઈસ્કૂલમાં પાંચમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. મારાં પૂજ્ય માતુશ્રી અંબાબહેનને શંખેશ્વર તીર્થ પર ભારે આસ્થા. તેથી તેમની સાથે મારે સુરેન્દ્રનગરથી શંખેશ્વર તીર્થની યાત્રાએ જવાનું ઘણી વાર બન્યું. પ્રથમ વાર મેં જ્યારે મારા માતુશ્રી સાથે શંખેશ્વર તીર્થની ભૂમિ પર પગ મૂક્યો ત્યારે મારી ઉંમર ખૂબ જ નાની, પરંતુ મારા માતુશ્રીની શંખેશ્વર તીર્થ પ્રત્યેની અપ્રતિમ ભક્તિના કારણે હું પણ શંખેશ્વર તીર્થ તરફ આકર્ષાયો અને મારું એ આકર્ષણ મોટા થવાની સાથે શ્રદ્ધાના રૂપમાં પલટાયું. આજ સુધીમાં મેં શંખેશ્વર તીર્થની કેટલીયે વાર યાત્રા કરી છે. શંખેશ્વર તીર્થમાં આવતાં હું પરમ શાંતિ અનુભવું છું. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અત્યંત મનોહર અને મહિમાશીલ મૂર્તિએ મારા હૃદયમાં સદૈવ સ્થાન જમાવ્યું છે. પ્રભુની એ અલૌકિક પ્રતિમાનાં દર્શન કરતાં મારા હૃદયમાં પ્રભુભક્તિના જે અનેરા ભાવ ઊભરાય છે એનું વર્ણન કરવું ખરેખર અશક્ય જણાય છે.

શંખેશ્વર તીર્થ અતિ પ્રાચીન તીર્થ છે. આ પાવન તીર્થ સાથે લાખો ભાવિકોની શ્રદ્ધા અને ભક્તિ જોડાયેલી છે. પ્રતિ વર્ષ લાખો યાત્રિકો આ તીર્થની યાત્રા કરીને પોતાનું જીવન સાર્થક કરી રહ્યા છે. શંખેશ્વર તીર્થ વિશે આપણા અનેક પૂર્વાચાર્યોએ, મુનિભગવંતોએ, સમર્થ વિદ્વાનોએ, કવિઓએ અસંખ્ય કૃતિઓનું સર્જન કરીને આ તીર્થનો મહિમા જગપ્રસિદ્ધ કર્યો છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની અતિ મહિમાશીલ પ્રતિમાની ઉત્પત્તિ ગત્ ઉત્સર્પિણી કાળમાં થઈ છે.

ગત્ ઉત્સર્પિણી કાળમાં થયેલી ચોવીસીમાં નવમા તીર્થંકર શ્રી દામોદરસ્વામી થયા. તેમના સમયમાં અષાઢી નામના સમકિતી અને વ્રતધારી શ્રાવક થયા. અષાઢી શ્રાવકે શ્રી દામોદરસ્વામી પાસેથી જાણ્યું કે હવે પછીના અવસર્પિણી કાળના ચોથા આરામાં થનારા ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના તેઓ ગણધર થશે અને એ જ ભવે તેઓ મોક્ષે જશે. પોતાની મુક્તિની વાત જાણીને અષાઢી શ્રાવકે શ્રી પાર્શ્વનાથ પ્રભુની મનોહર મૂર્તિ તૈયાર કરાવી. પોતાના સ્વદ્રવ્યથી નિર્માણ કરેલા જિનાલયમાં એને વિધિ સહિત પ્રતિષ્ઠિત કરાવી અને એ પછી અષાઢી શ્રાવકે શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભક્તિપૂર્વક ત્રિકાળ પૂજા કરવી શરૂ કરવી. સમય જતાં અષાઢી શ્રાવકને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેમણે ચારિત્ર અંગીકાર કરી અષાઢી મૂનિ બન્યા અને ત્યાંથી કાળધર્મ પામી દેવલોકમાં વૈમાનિક દેવ તરિકે ઉત્પન્ન થયા. દેવવલોકમાં તેમણે પોતાના અવધિજ્ઞાનથી પૂર્વભવ જોતાં તેમને શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ થયું. તેથી તેમણે શ્રાવક જીવનમાં પૂજેલી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને દેવલોકમાં લાવી એની યાવજજીવ પૂજા-અર્ચના કરી. એ પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુના એ બિંબની સૌધર્મેન્દ્રે ઘરા કાળ સુધી પૂજા ભક્તિ કરી. ત્યાર બાદ સૂર્યદેવે ૫૪ લાખ વર્ષો સુધી એની પૂજા-અર્ચના કરી. ત્યાર પછી આ પ્રતિમા સુધર્મ દેવલોકમાં, લવણોદધિ સમુદ્રમાં, ભવનપતિઆના ભવનમાં, વ્યંતરોના નગરમાં એમ વિવિધ સ્થળોએ પૂજાઈ. એ પછી કાળક્રમે ઋષભદેવ ભગવાનના સમયમાં નાગરાજ ધરણેન્દ્રે આ પ્રતિમાને ચમત્કારી જાણી નમિ-વિનમિ વિદ્યાધરોને સોંપી. વૈતાઢ્ય પર્વત પર નમિ-વિનમિ વિદ્યાધરોએ આ પ્રતિમાની યાવજજીવ પૂજા - ભક્તિ કરી. આમ અષાઢી શ્રાવક દ્વારા નિર્માણ થયેલી શ્રી પાર્શ્વનાથ પ્રભુની મહાપ્રભાવક પ્રતિમાં દીર્ઘકાળ સુધી દેવલોકમાં, જ્યોતિષ્ક વિમાનોમાં, ભવનપતિમાં, વ્યંતરોના ભવનમાં એમ અનેક સ્થળોએ પૂજાઈ. આમ લાખો વર્ષ સુધી દૈવી અર્ચના પામેલી આ અત્યંત મહિમાશીલ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાં છેલ્લે નાગરાજ ધરનેન્દ્રે દેવે અને પદ્માવતી દેવીએ અને અનેક દેવ-દેવીઓએ ચિરઃકાળ સુધી ભક્તિભાવે પૂજી. એ પછી મહાભારતના સમયે શ્રીકૃષ્ણ અને જરાસંઘનું યુદ્ધ થયું. જરાસંઘે જરા નામની વિદ્યા અજમાવી શ્રીકૃષ્ણના સૈન્યને બેભાન કરી દીધું. પોતાના સૈન્યને પુનઃ જાગૃત કરવા શ્રી કૃષ્ણે તેમને પિતરાઈ ભાઈ નેમિનાથને સહાય કરવા કહ્યું. શ્રી નેમિનાથ ભગવાને શ્રીકૃષ્ણને શ્રી પદ્માવતી દેવીનો અઠ્ઠમ કરવા કહ્યું. શ્રીકૃષ્ણે અઠ્ઠમ આરાધના કરતાં શ્રી પદ્માવતી માતા પ્રગટ થયાં અને સર્વ વૃતાંત જાણીને તેમણે વર્ષો સુધી અનેક ઠેકાણે પૂજાયેલી અત્યંત મહિમાશીલ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા આપી એનું પૂજન-પ્રક્ષાલન કરી અનું ન્હવણ જળ સૈન્ય પર છાંટવા કહ્યું. શ્રીકૃષ્ણે એ પ્રમાણે કરતાં તેમનું સૈન્ય પુનઃ જાગૃત થયું અને એમાં શ્રીકૃષ્ણનો જરાસંઘ સાથે વિજય થયો. આ વિજયની યાદમાં શ્રીકૃષ્ણે આ યુદ્ધભૂમિમાં શંખપુર નામનું નગર વસાવ્યું અને ત્યા ભવ્ય જિનાલય બનાવી એમાં ચમત્કારી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા તેમણે પધરાવી. કાળક્રમે શંખપુર ગામ શંખેશ્વર તરીકે ઓળખાયું અને શ્રી પાર્શ્વનાથ પ્રભુની એ પ્રતિમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તરીકે સુપ્રસિદ્ધ બની.

શંખેશ્વર તીર્થમાં આવનારા યાત્રિકોને રહેવા માટે સુવિધાયુક્ત ઘણીબધી ધર્મશાળાઓ છે. ભોજનશાળાની પણ સુંદર વ્યવસ્થા છે. અહીંથી અમદાવાદ, વડોદરા, સુરત, ખંભાત, પાલિતાણા વગેરે સ્થળોએ જવા બસની સારી સગવડ

છે. આ બધાં સ્થળોએ જવા માટે વાહનો પણ મળી શકે છે. આ તીર્થનો વહીવટ શેઠ જીવણદાસ ગોડીદાસની પેઢી તરફથી થઈ રહ્યો છે. આ અત્યંત મહિમાશીલ પ્રાચીન તીર્થની પ્રશસ્તિ કરતા શ્રી રૂપવિજયજી ગણિવરની કાવ્યપંક્તિઓથી મારા લેખનું સમાપન કરું છે...

**કલ્પતરુથી અધિક દાતા, જગત ત્રાતા જયકરો**
**નિત્ય જાપ જપીએ, પાપ ખપીએ, સ્વામીનામ શંખેશ્વરો.**

– **ચીમનલાલ કલાધર**, 'મિડ-ડે'માંથી સાભાર

## Shri Kutchhi Dasa Oswal Jain Gnati Vasti Patrak Samiti (KDOVP)

Shri Kutchhi Dasa Oswal Jain Gnati Vasti Patrak Samiti (KDOVP) is pleased to inform you that we are in the final stage of releasing 8thVasti Patrak and hence we appeal you to Update Your Family Data at the earliest.

In order to facilitate seamless viewing and verification of Your Own Family Data kindly read this entire email first and follow relevant instructions:

Please fill / select relevant data on the web-page URL/Link: http://kdovp.commutree.com /VerifyBookData.aspx]

To Confirm Data as Correct and Ok for Printing in KDOVP Book, select a Cell Number from drop down list provided and Request OTP, Enter OTP and Confirm. Families staying outside India can call us on +919167733603 (10 am to 7 pm India Time) to confirm their details OR can send confirmation email on kdovasti@gmail.com giving their VP No. and Family No. (emails received from Approved login IDs will only be considered)

Any Change in the Data can be requested ONLY AND ONLY through "Change Request" Option available on www.kdovp.com / KDOVP Android App (Click Here - to access Help file for Change Request Options).

**Points to Note:**

1. www.kdovp.com / KDOVP Android & iOS Applications - True Digital Platform created BY Community, FOR Community and OF Community, where Only & Only Our Community Members have entry and access to information. Members need not worry about Data Security as Your Data is Fully Visible only to your close relatives and Partially (Need to know basis) visible to Others. In case you are yet to Install App / Register / Have Forgotten Password / Wish to Change Email ID then kindly refer Help File (Click Here).
2. As our Current Priority is to publish VP in book form, will be giving priorities on following "Change Requests" submitted by our community members.

   * Full name * Official Surname * Nick Name * Address of residence * Education% * Education * Date of Birth / Death / Marriage * Telephone numbers * Marriage related Details * Occupation

   (Note : % Education - All those who are students should update their current standard in which they are studying. Rest need to update last exam passed. Non metric or Non graduate will be considered as wrong entry.)
3. "Change Request" should be submitted latest by 15th October 2017 so that IT Team can verify and approve requests at the earliest. Data as available on the cut-off date would be considered as Final for Printing.
4. In case you are still facing any issue after following above instructions then kindly contact KDOVP IT Team on Email : kdovasti@gmail.com / WhatsApp : +919167733603 / Twitter : https://twitter.com/kdovp. We will be more then happy to assist you and get your queries resolved.




### સફળતાની ચાવી

આજે હું તમને સફળતાની ચાવી કહીશ. એના માટે સમયનો ઉપયોગ કરવો જરૂરી છે. તમારે સતત જાગૃત રહેવું જોઇએ. જ્યારે પરીક્ષા નજીક હોય તો તમારે વિષય અનુસાર ગોઠવણ કરો જેનાથી તમે પરીક્ષા સુધી બધા વિષય વાંચી લીધા હોય. આજના નવા યુગમાં નવા નવા સોફ્ટવેર જે તમારા ભણતર ને સરળ બનાવી શકે છે. આ સોફ્ટવેરનો ઉપયોગ કરો અને તમારા ભણતરને સરળ બનાવો. કોઈ પણ વસ્તુ ને તમારી આદત બનવા નહીં દો. સદા ખુશ રહેવું હોય તો આપનો જે ઉદ્દેશ્ય છે તેને કેમ પાર પાડવું તે વિચાર કરીને આગળ વધવું જોઇએ. કદાચ કોઈ પણ કાર્યમાં નિષ્ફળતા મળે તો નિરાશ થયા વિના એમ વિચાર કરો કે નિષ્ફળતા એજ તો સફળતા ની ચાવી છે. વહેતા પાણી ની જેમ વહેતા જાઓ કચરો આપ મેળે કિનારે થતો જશે.

– **કુણાલ તિલકભાઈ ડાઘા**, ગોએરસમા-માંડવી

## આરોગ્ય પ્રકાશ : આમવાત કે રૂમેટોઈડ આર્થાઈટીસ - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**સારવાર :** રૂમેટોલોજીસ્ટ વા ના દર્દ ના સ્પેશ્યાલીસ્ટ સાંધાનો સોજો ઓછો કરવા, દુખાવો ઓછો કરવા, સાંધાને નુકશાન થતું અટકાવવાની અને સાંધો પહેલાની જેમ હલાવી-ચલાવી શકીએ એ માટે ઉંમર, કયા સાંધાને અસર થઈ છે અને કેટલી ગંભીર ઈજા છે તે નક્કી કરી દવા આપશે. સાંધાની આજુબાજુના સ્નાયુઓને મજબૂત કરવા ખાસ કસરતો કરવાની કહેશે. સ્ટેરોઈડ ગ્રુપની દવા આપશે. સ્ટેરોઈડ ગ્રુપની દવા ન છુટકે લેવી, જો તકલીફ વધુ હોય અને બીજા ઈલાજ અસર ન કરે તો જ. મેથી, જેષ્ટીમધ, રાજગરો, આદુ અને શિવામ્બુમાં કુદરતી સ્ટેરોઈડ છે જે નુકશાનકારક નથી. બીજા ઈલાજ સાથે નિયમિત આ વસ્તુઓના ઉપયોગથી બિમારી દૂર રહેશે અને હશે તો પણ કાબુમાં રહેશે. દર્દ ખૂબ વધી ગયું હોય તો ઑપરેશન કરાવવાની સલાહ ડૉક્ટર આપશે. ઢીંચણ કે હીપ્સ (પાયા)ના સાંધાને અસર થઈ હોય, હલનચલન તદ્દન બંધ થઈ ગયું હોય તો સાંધા બદલવાની (Joint Replacement) ની સલાહ અપાય છે. આ રોગ તદ્દન મટતો નથી.

**દવા/ઑપરેશન સિવાયના ઈલાજ :** ગરમ પાણીનો સેક કે પોતા કરી શકાય. સાંધાને રિલેક્સ કરવાની કસરત કરવી, એક્યુપંક્ચર કરવાથી થોડો ફાયદો થાય. અમુક તેલ ની કેપ્સ્યુલ કે બોરાજ છોડના બી નું તેલ લેવાથી રાહત થાય. ઈજા થયેલ સાંધાને વધારે જોર ન પડે તેવી કસરત (સ્ટ્રેચીંગ, યોગના આસન, સ્વીમીંગ, વૉટર એરોબીક્સ વગેરે) કરવી. વધારે પડતી કસરત ન કરવી. ખોરાકમાં ઘી, માખણ, ક્રીમ, ટ્રાન્સફેટ એટલેકે કૃત્રિમ ઘી, બજારુ ખોરાક (નોનવેજ તેલમાંથી બનાવે) ન લેવા. ઓમેગા ૩ અને ઓમેગા ૬ જે અખરોટ, અળસી, ટોફુ (સોયાબીનનું પનીર) હળદર લેવાથી રાહત થાય. રોજના જ આખા અખરોટ અને ૪ ચમચી અળસી લેવા. અમુક દરદીઓને ટમેટા, કાચી કેરી, લીંબુ, નારંગી, મરી લેવાથી તકલીફ થાય માટે તેમણે ન લેવા.

અમેરીકા, ઈંગ્લેન્ડ, જાપાન જેવા પ્રગતિશીલ દેશોમાં વૈજ્ઞાનિકોએ આ બિમારી માટે નવી દવાઓ શોધી છે. જે 'બાયોલોજીક્સ' તરીકે ઓળખાય છે. જે ખૂબ મોંઘી હોય છે. ઈંજેક્શન કે આઈ. વી. દ્વારા દરર્દીને આપવામાં આવે છે જેના નામ સિમ્ઝિયા, એમ્બ્રેલ, કીનેરેટ વગેરે છે. આ દવાઓ શરીરની ઈમ્યુન સિસ્ટમના ચોક્કસ ભાગને નિષ્ક્રિય કરી નાખે જેથી રોગ આગળ વધતો અટકે છે. વૈજ્ઞાનિકો ગોળી શોધી રહ્યા છે. એફ.ડી.એ. મંજુરી આપશે ત્યારે આ ઈંજેક્શન સસ્તા થશે.

પારીજાતના પાંચ પાન (કેસરી દાંડીવાળા નાના સફેદ ફૂલ હોય તે ઝાડના પાન) એક ગ્લાસ પાણીમાં નાખીને અડધુ થાય ત્યાં સુધી ઉકાળવું, ઠંડુ થાય એટલે ગાળીને નરણે કોઠે પીવું. અર્ધા કલાક પછી જ કાંઈ પણ ખાવું. આ પ્રયોગ નિયમિત કરવો, તેનાથી લાભ થાય છે. આર્યુવેદ માને છે કે જ્યારે ખોરાક પચતો નથી ત્યારે તેમાંથી 'આમ' તૈયાર થાય છે અને આ 'આમ' ને લીધે જ સાંધામાં તકલીફ થાય છે માટે જ આ દર્દનું ના 'આમવાત' છે. આ બિમારીમાં રાહત મળે અને તકલીફ વધે નહીં તે માટે અને બાકીના એ બિમારી થાય જ નહીં તે માટે ખોરાક પચે તેવા પ્રયત્ન કરવા જોઈએ. ભૂખ લાગે ત્યારે જ જમવું. ભૂખ લાગતી જ ન હોય તો ઘનખોરાકને પચવા માટે ઓછામાં ઓછા ૪ કલાક અને પ્રવાહી લીધું હોય તો પોણો કલાક પચતાં લાગે છે. ખોરાક વધુ ઘી-તેલ વાળું કે પચવામાં ભારે હોય તો પચવામાં થોડો વધુ સમય પણ લાગે. તેથી તેટલા સમયનો ગાળો રાખવો જરૂરી. ખાવાના ૧૫ મિનિટ પહેલાં આદુની કતરણ, લીંબુનો રસ અને સિંધવ નમક નાખી લેવું તેનાથી ભૂખ ઉઘડશે. બેઠાડુ જીવન ત્યજવું. માનસિક તાણ-ટેન્શનથી દૂર રહેવું. પ્રસન્ન ચિત્ત રહેવું. ગરમ, તાજો ઘરનો પૌષ્ટીક ખોરાક લેવો. તળેલી ચીજો બિલ્કુલ બંધ કરવી. ઘી વાળી ચીજો પચે તેટલી જ લેવી. જમ્યા પછી ૧૦૦ ડગલા (શતપાઉલી) ચાલવું, તરત બેસી ન રહેવું. ઉણોદરી એટલે પેટ થોડું ખાલી રહે તેમ જમવું હિતાવહ. જમ્યા પછી નાની એક ચમચી સૂંઠ લેવી, અજમો ચાવવો. સૂંઠ પચાવશે અને અજમો અગ્નિવર્ધક છે એટલે ભૂખ લગાડશે. રોજના ૪ આખા અખરોટ લેવા, ૪ ચમચી અળશી મુખવાસની જેમ ચાવવી. નિયમિત ચાલવું અને કસરત કરવી. રોજીંદા જીવનમાં અઠવાડીયે એકવાર ફ્રૂટ, શાકભાજીના સૂપ અને પ્રવાહી પર રહેવું અને મહિને એકવાર એક ઉપવાસ કરવાથી પાચનતંત્ર સુધરશે અને મિષ્ટાન, ચરબીવાળા પદાર્થનું પ્રમાણ જરૂરતથી વધવા દેવું ન જોઈએ. નહીં તો રૂમેટોઈડ આર્થાઈટીસ, જાડાપણું, હાઈ બી.પી. કોલેસ્ટ્રોલ જેવી અનેક આરોગ્યની સમસ્યાઓ ઉત્પન્ન થઈ શકે છે.

આ રીતે ઉપર જણાવેલ બાબતનું ધ્યાનપૂર્વક પાલન કરવાથી આ બિમારી પર કાબુ મેળવી શકાય છે.

(સંપૂર્ણ)

# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966**

જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.

## ''વાર્ષિક સહાયતા યોજના''

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા વર્ષોથી પશુ સેવામાં પ્રવૃત્ત છે. ગાય, ભેંસ, વાછરડા, બળદ, પાડા, વૃદ્ધ, અશક્ત, બીમાર - કુલ ૧૮૦ ઢોર હાલમાં આશ્રય લઈ રહ્યા છે. તેમને ઘાસચારો, આહાર, દાણ, ડોક્ટરી સેવાઓ, દવા, માવજત વગેરે નિયમિત પૂરી પડાય છે. ૮ કર્મચારી ઢોરો ની સેવામાં પ્રવૃત્ત છે.

ઘાસચારા તથા ખાધાખોરાકી ના મોંઘા ભાવ તથા સારા પગાર ધોરણો ના કારણે માસિક રૂપિયા ૩ લાખ જેટલો ખર્ચ થાય છે, જે જીવદયા પ્રેમી ઉદારદિલ દાતાઓ, મહાજનો, સંઘો, ટ્રસ્ટો ના દાન સહયોગ થી પૂરું કરાય છે. તાજેતર ના આર્થિક નિયમોના અમલના પરિણામે, સંસ્થા ને મળતા દાનમાં રૂકાવટ વર્તાય છે.

ખર્ચ ને પહોંચી વળવા દાતાઓની લાગણી તથા સુચનને અનુસાર દાન માટે વિશિષ્ટ **''વાર્ષિક સહાયતા યોજના''**નું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું છે.

## યોજનાની રૂપરેખા

**૧) આ યોજના ૧ ઑક્ટોબર, ૨૦૧૭થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ દરમિયાન ૧૫ મહીના અમલમાં રહેશે.**

**૨) દાતા દ્વારા દર મહીનાનું રૂપિયા ૧,૦૦૦/– પ્રમાણે દાન સ્વીકારશે.**

**૧) ઑક્ટોબર – ડીસેમ્બર ૨૦૧૭ રૂા. ૩,૦૦૦/–**

**૨) જાન્યુઆરી – ડીસેમ્બર ૨૦૧૮ રૂા. ૧૨,૦૦૦/–**

**કુલ રૂા. ૧૫,૦૦૦/–**

**૩) દાનની રકમ દાતા અનુકુળતા મુજબ દર મહિને / હપ્તાથી/એકસાથે આપી શકશે.**

**૪) ૧૫ મહીના દરમિયાન વચ્ચે થી પણ દાતા યોજનામાં સામેલ થઈ શકશે.**

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**દાતાઓ નો ઉદાર સહયોગ અપેક્ષિત છે. આ યોજના સિવાય પણ દાન સ્વીકારાશે.**

**Banking Details :**

**Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

Mumbai :
**Shri Arihant Co-op. Bank Ltd.,** Chinch Bandar Branch
A/c # 004001000558.
IFSC - ICIC 00 ARIHT

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા** વતી થી,



મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના**

મુંબઈ - થાણા

મો.: **93239 17075** ઈમેલ : **mdkhona@hotmail.com**



## ધર્મ સંદેશ - ૧૦૮

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૨ | | | ૩ | | | ૪ |
| ૫ | | ૬ | | | | | | | ૭ | |
| ૮ | ૯ | | | ૧૦ | ૧૧ | | | | | |
| ૧૨ | | | ૧૩ | | | | | | ૧૪ | |
| | | | ૧૫ | ૧૬ | | ૧૭ | | | | |
| ૧૮ | ૧૯ | | ૨૦ | | | | | | ૨૧ | ૨૨ |
| | | | | ૨૩ | | | ૨૪ | | | |
| ૨૫ | | | ૨૬ | | | ૨૭ | | | | |
| ૨૮ | | | | | ૨૯ | | | | ૩૦ | |
| | | ૩૧ | | | | | ૩૨ | ૩૩ | | ૩૪ |
| ૩૫ | | | | | ૩૬ | | | | | |

**રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨**

**ઊભી ચાવીઓ**

૩) આ તીર્થંકરના માતા તથા પિતાનું નામ એક છે.
૪) વાસુપૂજ્યના યક્ષિણી (૨)
૫) ભગવાનને આ અર્પણ કરાય (૩)
૬) આ છ હોય (૨)
૭) દોરડા ઉપર નાચતા નાચતા કેવળજ્ઞાન પામ્યા (૬)
૯) ઘણાં જણાં સ્તવન ગાતા ગાતા ...... માં આવી જાય (૨)
૧૦) માતર તીર્થના મૂળ નાયક (૫)
૧૩) કેસર પૂજા કરી પ્રભુને ધરાવાય (૩)
૧૬) એ સ્ત્રી તીર્થંકર (૪)
૧૭) પ્રભુ (૨)
૧૯) આ તીર્થંકરનું જન્મ સ્થળ ક્ષત્રિયકુંડ છે (૪)
૨૨) દેવીઓનું એક અલંકાર (૩)
૨૪) આ હાલારના તીર્થમાં અજીતનાથ બિરાજમાન છે (૪)
૨૫) સારા વિચારોનું વાક્ય (૪)
૨૬) ફૂલ પૂજા કરતા કેવળજ્ઞાન પામ્યા (૪)

આડી ચાવીઓ

૧) બિયાસણામાં કેટલીવાર જમાય (૧)
૨) .......... ને જંબુસ્વામી પ્રતિબોધ કરતા (૨)
૩) શ્રાવક-શ્રાવિકાને ધર્મ સમજાવવાનું ...... સાધુ-સાધ્વીઓને જાય (૨)
૭) ........ મહારાજા થકી આદિનાથની એક મુષ્ઠીલોચ ઓછી થઈ
૮) ૨૦ વિહરમાનમાંના યુગમંધર ના માતા (૩)
૧૦) ...... પૂજ્ય સ્વામીના બધા કલ્યાણક એક જ જગ્યાએ થયા છે (૨)
૧૨) ....... ચંચલ છે (૨)
૧૫) કયા પ્રભુએ દીક્ષાના દિવસે એકાસણું કરેલ (૫)
૧૮) એક કર્મ (૨)
૨૦) આ તીર્થંકરના પિતા અને લાંછન એક છે (૨)
૨૧) એક કષાય (૨)
૨૩) ઈશ્વર (૨)
૨૪) શીતલનાથના પિતા (૪)
૨૫) આ તીર્થંકરનું બીજું નામ પુષ્પદંત છે (૫)
૨૭) સદ્ચરિત્ર (૨)
૨૮) મહાવીરનું એક નામ (૨)
૩૧) આદિનાથના યક્ષિણી (૪)
૩૨) શત્રુંજયનું એક નામ (૪)
૩૫) આ યાત્રાનું મહત્વ ઘણું (૨)
૩૬) ઉંચા ઉંચા તારંગાના દેરાસરની ટોચ રે, જોઈને થયો તારા..... ડા નો ચોર રે (૨)

ઊભી ચાવીઓ

૨૯) શરીરની મમતા ન છોડી શક્યા એટલે ડૂબ્યા (૩)
૩૦) જીરાવલ્લા પાર્શ્વનાથનું અબડાસાનું એક તીર્થ (૨)
૩૩) ભગવાનને ભજવાની અલગ અલગ બધાની ........... છે (૨)
૩૪) ............. તળેટી (૨)

***(ઉત્તર આજ અંકમાં છપાયેલ છે.)***

## દુનિયાના ટોચના અબજપતિઓ આવી રીતે પૈસા બચાવે છે.



**બિયોન્સ : જ્વેલરીની ખરીદી કરતી નથી, ફક્ત ભેટનો ઉપયોગ કરે છે.** ૩૫ વર્ષીય પોપ આઈકન તથા મોટી પ્રોડક્ટ રેન્જની માલિક બિયોન્સ જ્વેલરી નથી ખરીદતા. ગિફ્ટનો ઉપયોગ કરે છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે ૧૬ની ઉંમર બાદ કાર પણ ખરીદી નથી અને ૧૭ની ઉંમર બાદ હીરો પણ નથી ખરીદ્યો. **સંપત્તિ રૂા. ૬૭.૨ કરોડ**



**ઈન્ગવાર કામ્પ્રાડ : ફર્નિચર રિટેલ ચેઈનના માલિક સેકન્ડહેન્ડ કપડાં પહેરે છે.** ફર્નિચર ચેઈન આઈકિયાના સંસ્થાપક સેકન્ડહેન્ડ કપડાં પહેરે છે. ટૂર પર વિકાસશીલ દેશોમાં વાળ કપાવે છે કેમ કે ત્યાં સસ્તામાં કામ થઈ જાય છે. પ્રાઈવેટ જેટ રાખી શકે છે પણ ઈકોનોમી ક્લાસમાં યાત્રા કરે છે. **સંપત્તિ રૂા. ૨૨ હજાર કરોડ**

# હર્ષની ગર્લફ્રેન્ડ

- ત્રિલોક સંઘાણી

'હેલ્લો મમ!! હાઉ આર યૂ?'

'હાય બેટુ! તારી જ રાહ જોઉં છું. કેમ ફોન કર્યો?'

'અરે મમ્મી, થોડું મોડું થશે...'

'કેમ ક્યાં પધારવાના છો...!!?'



'મમ્મી, કોલેજથી તો છૂટી ગયો... પણ આ 'લાંબા સપન' જોડે તેની રૂમ પર જાઉં છું. અમારે થોડું પ્રોજેક્ટ-વર્ક કરવાનું છે, આથી ત્યાં હોસ્ટેલ પર જ સાથે મળીને કામ કરીશું.... ને પછી સીધો જ ઘરે...!!'

'ઓકે હર્ષ બેટા! જમવાના સમયે ઘરે પહોંચી જજે.... અને આ તારા લાંબા સપનને કહેજે કે રવિવારે આપણી સાથે ઘરે જ જમવાનું છે અને તું બાઈક શાંતિથી ચલાવજે... ઓકે બાય બેટુ!'

સુનીતાએ દીકરા હર્ષ જોડે વાત કરી ફોન મૂક્યો અને પાછી રસોઈમાં પરોવાઈ. રસોઈમાં આજે હર્ષનો માટે સુનીતાએ 'સરપ્રાઈઝ પ્લાનિંગ' કર્યું હતું. આથી તે ખુશ હતી. હર્ષને 'સેવ-ઉસળ' બહુ જ ભાવે. હર્ષ ફરમાઈશ કરે ત્યારે તો બને જ, પરંતુ આજે તો સુનીતાએ હર્ષના કહ્યા વગર જ 'સેવ-ઉસળ' બનાવ્યું હતું. સવારે હર્ષના કોલેજ ગયા બાદ જ પોતે એક્ટિવા પર બજારમાં જઈને ઉસળનો મસાલો, દાડમ, રતલામી સેવ ઈત્યાદિ ખરીદી લાવી. અને પોતે રાજનને ઓફીસથી ઘરે આવતી વખતે 'તાજા બ્રેડ' લાવવાનું કહી દીધું હતું...

જમવાના સમયે હર્ષ 'સેવ-ઉસળ' જોઈને ખુશ થયો પણ અફસોસ કર્યો કે, 'મમ્મી તેં ફોન પર સેવ-ઉસળ વાત કેમ ન કરી? આજે હોસ્ટેલમાં સપનના રૂમ-પાર્ટનર જિગરના ઘરેથી નાસ્તો આવ્યો હતો આથી અમે તૂટી પડ્યા હતા... હવે મારાથી આ 'સેવ-ઉસળ' થોડું ઓછું ખવાશે...' સુનીતાએ ટપલી મારીને કહ્યું, 'નો પ્રોબ્લેમ હર્ષ, વધારાનું ઉસળ અત્યારે ફ્રિજમાં રાખી દઉં છું, કાલે સવારે આ જ જમીને કોલેજ જજે... ઓકે!'

રવિવારે સુનીતાના ઘરે વણલખ્યો નિયમ હતો, કાં તો જમવામાં કોઈ મીઠાઈ બને અથવા રાજન બહારથી લાવે. અને ત્રણેયની સાથે રવિવારે હર્ષનો બેસ્ટ ફ્રેન્ડ 'સપન' હોય જ. હર્ષ-સુનીતા અને રાજન એક નાનું અને હસતું ફેમિલી.. ધો. ૧૨ સાયન્સમાં સારા માર્ક્સ બાદ હર્ષને અમદાવાદની એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગના કોર્સમાં એડમિશન મળી ગયું હતું અને હાલ તે કોલેજના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. સપન એ હર્ષનો બેસ્ટ ફ્રેન્ડ. એ અને હર્ષ અભ્યાસના આ દોઢ વર્ષમાં જ બહુ સારા મિત્રો બની ગયા હતા. સપનની હાઈટ થોડી વધારે આથી હર્ષ સહિતના કોલેજના મિત્રો તેને 'લાંબો' જ કહેતા. સુનીતાને પણ હર્ષના કોલેજના મિત્રો ઘરે આવે તે બહુ જ ગમતું, હર્ષની સાથે સપન, જિગર, જીનલ, નિયતિ-કોઈ પણ ગમે ત્યારે 'આન્ટી' ના હાથની રસોઈ ચાખવા ઘરે પહોંચી જાય અને

*આખા જનમનું તપ સકળ અર્પણ તને, હો પાર મનથી એવું બળ અર્પણ તને.*
*જે પામવાની જાતરા હો યુગ સુધી, એવું જ આ એક યજ્ઞફળ અર્પણ તને.*

સુનીતા આ બધાને સાચવે પણ ખરી. આખા ગ્રુપમાં હર્ષનું એકલાનું જ ઘર અમદાવાદમાં અને બાકી બધા હોસ્ટેલમાં રહે - આથી સુનીતા હર્ષના આ ચારેય મિત્રોનું ખાસ ધ્યાન પણ રાખે.

સુનીતા બપોરે થોડી આડી પડી હતી, ત્યાં ફોન આવતાં તેણે થોડી આળસ સાથે ફોન ઉપાડ્યો, પરંતુ ફોન પર તેની બેસ્ટ ફ્રેન્ડ અમીનો અવાજ સાંભળી ખુશ થઈ.... 'અરે ઘણા વખતે...' આમ વાતોની શરૂઆત થઈ અને પછી તો ત્રીસ-પાંત્રીસ મિનિટ સુધી બંને બહેનપણીની વાતો જ ચાલી, વાત-વાતમાં અમીએ એમ જ કહ્યું, 'અલી તારો હર્ષ જાડો થવા લાગ્યો છે - હમણાં-હમણાં બે, ત્રણ વાર ઈસ્કોન ચાર રસ્તા પર બાઈક પર જોયો...' સુનીતાને થોડુંક આશ્ચર્ય થયું, હર્ષે તો એકપણ વાર અમી આન્ટી મળ્યા હતા તેવો મેસેજ આપ્યો જ નથી.

દસ-બાર દિવસ બાદ સુનીતાએ અમી સાથે એમ જ વાતો કરવા ફોન કર્યો, ત્યાં તો અમીએ કહ્યું, 'અરે સુની, હું જ તને ફોન કરવાની હતી. હમણાં બે-ચાર દિવસ પહેલાં બી.આર.ટી.એસ. બસમાં બોપલ ઘરે આવતી હતી ત્યારે મારું અચાનક ધ્યાન ગયું - તારો હર્ષ ઈસ્કોન ચાર રસ્તા પાસે મેક્ડોનાલ્લ્ડ્સમાંથી એક જાડી છોકરી સાથે બહાર આવતો હતો. ત્યારબાદ ફરી વાર ગઈ કાલે હું અને તારા જીજાજી સાંજે ઘરે આવતાં હતાં - મારે થોડું કામ હતું આથી રિલીફ રોડ ગઈ હતી, ત્યાંથી તારા જીજાજીની ઓફીસ ગઈ અને અમે સાથે કારમાં ઘરે આવતાં હતાં ત્યારે વચ્ચે હર્ષ અને પેલી છોકરી બંને બાઈક પર જતાં હતાં, બંને વાતોમાં જ હતાં અને અમારી કારની આગળ નીકળી ગયાં. હર્ષનું ધ્યાન તો મારી તરફ હતું પણ નહીં, પરંતુ મને થયું કે મારે આ વાત તો તને કરવી જ જોઈએ' ત્યાર પછી પણ ફોન પર બીજી થોડી વાત થઈ. પરંતુ સુનીતાનું મન હર્ષ અને જાડી છોકરીના વિચારોમાં જ રહ્યું... હર્ષની સાથે કોલેજની કોઈ છોકરી તેની મિત્ર હોય એવી તો કોઈ જ વાત હર્ષે મને ક્યારેય કરી નથી.

હવે 'મમ્મી' સુનીતા હર્ષ પર થોડીક બારીક નજર રાખવા લાગી, હર્ષના કોલેજના છૂટવા સમયે ખાસ ફોન કરે જ, 'ક્યારે કેટલી વારમાં ઘરે આવે છે ક્યાં જાય છે' એવા સવાલો થવા લાગ્યા... હર્ષ પોકેટ મની ઉપરાંતના પૈસાની ડિમાન્ડ કરે તો 'શા માટે જોઈએ છે - હમણાં બે દિવસ પહેલાં જ પપ્પા પાસેથી પણ ૫૦૦ રૂપિયા લીધા હતાં - તેનું શું કર્યું ? આવા પણ સવાલો થવા લાગ્યા.

એક દિવસ સવારે હર્ષ બાથરૂમમાં હતો અને સુનીતા ડ્રોઈંગરૂમમાં એમ જ રાજન જોડે કંઈક વાત કરી રહી હતી ત્યારે જ હર્ષના મોબાઈલ પર ઈનકમિંગ મેસેજનું 'બીપ' થયું. સુનીતાએ મેસેજ ચેક કરવા મોબાઈલ હાથમાં લીધો, રાજને કહ્યું, 'સુની, આ શું કરે છે?' સુનીતાએ કહ્યું, 'આ તો અજાણ્યા નંબર પરથી આપણા ભાઈ માટે મેસેજ છે કે - હાય, આજે મારે તમને મારા રિઝલ્ટની પાર્ટી આપવાની છે તો સાંજે એસ.જી. પર મળીએ.' અને ત્યાં જ હર્ષ બાથરૂમમાંથી બહાર આવ્યો અને મમ્મીને મેસેજ વાંચતા સાંભળી ગયો. ૧૦-૧૫ સેકન્ડ માટે રાજન-સુનીતા-હર્ષ ત્રણેય એમ જ ઊભાં રહ્યાં.... શું બોલવું તે કદાચ કોઈને સમજ ન પડી... અંતે શરૂઆત હર્ષે જ કરી, 'મમ્મી-પપ્પા, મારે તમને એક વાત કરવાની છે.' સુનીતાએ તરત જ રીએક્ટ કરતાં કહ્યું, 'જો રાજન હું નહોતી કહેતી કે કંઈક...' હર્ષે વાત કાપી નાંખતાં કહ્યું, 'મમ્મી એક મિનિટ મારી વાત તો સાંભળ. તેં હમણાં જે મેસેજ વાંચ્યો તે આપણા અમિતકાકાની દિશુનો છે, દિશાએ અહીં અમદાવાદમાં બોપલમાં હોમિયોપેથીમાં એડમિશન લીધું છે અને ત્યાં

*જ્યાં આંગણે ઊભી સમય પ્હેરો ભરે, એ દ્વાર સાંકળ એની કળ અર્પણ તને.*
*હું સૂર્યને લૈ ક્યાં સુધી વ્હેતો રહું, જ્યાં ડૂબવું છે એ જ જળ અર્પણ તને.*

બોપલમાં જ 'પેઈંગ ગેસ્ટ' તરીકે રહે છે. દિશાના એડમિશન બાદ અમિતકાકા તેને અહીં મૂકવા આવેલા ત્યારે કાકા અને દિશા પપ્પાને ઓફિસ પર મળવા ગયેલાં એટલે પપ્પાને પણ દિશુએ અહીં એડમિશન લીધું છે તે વાતની ખબર છે. પપ્પા પણ ક્યારેક ફોન કરી, દિશાની ખબરઅંતર પૂછી લે છે. દિશાએ જ પપ્પા પાસેથી મારો નંબર લઈ એક દિવસ મને મેસેજ કર્યો, પરંતુ મેં તેના બે-ત્રણ મેસેજના કોઈ જ જવાબ ન આપ્યા, એટલે દિશાએ એક દિવસ સાંજે મને ફોન કર્યો કે 'ભાઈ તમે એક જ મિનિટ મારી વાત તો સાંભળો, પછી જો તમે કહેશો તો જ તમને ફોન કે મેસેજ કરીશ, નહીં તો ક્યારેય મેસેજ પણ નહીં કરું...' દિશાએ કહ્યું ભાઈ, મારી મમ્મી અને મોટાં મમ્મી વચ્ચે કોઈ મતભેદ થયા છે, અને છેલ્લાં સાત-આઠ વર્ષથી આપણા બંને ફેમિલી વચ્ચે આવવા-જવાના કે વાતો કરવાના પણ સંબંધ નથી. હા, મોટા પપ્પા મહિને-બે મહિને મારા પપ્પાને ફોન પર જરૂરથી ખબર પૂછી લે છે. પણ, ભાઈ મારે તો એટલું જ કહેવું છે કે આપણી મમ્મીઓના મતભેદનો વારસો મારે કે તમારે શા માટે આગળ ધપાવવો જોઈએ ? આપણી વચ્ચે કેમ નોર્મલ કઝિન્સના સંબંધ ન રહી શકે ? તમે વિચારજો અને યોગ્ય લાગે તો ફોન કરજો, બાય...'

સુનીતા અને રાજન તો હર્ષને સાંભળતાં જ રહ્યાં... હર્ષે વાત આગળ ચલાવી - 'મમ્મી મેં પણ બે-ત્રણ દિવસ દિશાની વાત પર વિચાર્યું... પછી થયું કે દિશુ નાની છે પણ સમજણ તો સો ટકાની છે, આથી એક સાંજે તેને મેં ફોન કર્યો અને પછી તેને મળવા ગયો. દિશુએ જે વાત કરી તે મને બરાબર જ લાગી. મમ્મી, થોડાં વર્ષોથી આપણે અમિતકાકા અને પલ્લવીકાકી જોડે વાતોના સંબંધ નથી. પણ એ પહેલાં તો નાની-મોટી રજાઓમાં પણ કાકા-કાકી નાની દિશુ જોડે અહીં જ આવતાં અથવા આપણે ભાવનગર જતાં. કેટલી બધી દિવાળી, રજાઓ આપણે સાથે જ મનાવી છે. મમ્મી, તારે પલ્લવીકાકી સાથે કોઈ પ્રોબ્લેમ થયો, આપણા સંબંધ પર પૂર્ણવિરામ આવ્યું. પણ મેં અને દિશુએ નક્કી કર્યું કે આપણે એ પણ નથી કરવું કે મારી મમ્મી સાચી કે તારી મમ્મી. આપણા વડીલોના મન-મતભેદની વાતો બાજુ પર મૂકીને અમારા કઝિન તરીકેના સંબંધો નોર્મલ જ રહેશે. આથી વીકમાં એકાદ વાર હું દિશુ પાસે જાઉં, અમે બર્ગર ખાઈએ - કોફી પીએ કે આઈસક્રીમ ખાઈને - એમ જ વાતો કરીને છૂટાં પડીએ.... ક્યારેક દિશુ માટે હું એલ.ડી. નાં દાળવડાં કે દાસની ખમણી પણ લઈ જાઉં, દિશા પણ ક્યારેક ઘરનો તો ક્યારેક ભાવનગરનો કોઈ નાસ્તો લઈને આવે. તેની પાસે વાહન નથી આથી તેને નાની-મોટી ખરીદી કરવાની હોય તો અમે જોડે જઈએ અને પછી હું તેને બોપલ મૂકી પણ આવું અને હા મમ્મા, મારા અને દિશુનાં આ પરાક્રમોની પપ્પાને પણ ખબર નથી. આ અમારા બે 'કઝિન્સ' વચ્ચેની જ વાત છે. પ્લીઝ.'

સુનીતા હર્ષની વાત સાંભળી જ રહી હતી, રાજન પણ 'શું બોલવું' એ દ્વિધામાં જ હતો, એકાદ મિનિટના સૂનકારા બાદ સુનીતાએ હર્ષના માથે હાથ મૂકી કહ્યું કે ''મારો હર્ષ મોટો થઈ ગયો...!! આ રવિવારે જાડી દિશુને આપણા ઘરે લાવજે, આપણે આખો દિવસ સાથે જ રહીશું...'' રાજનની આંખમાં પણ આંસુ આવી ગયાં અને તેણે પણ હર્ષને પોતાની બાથમાં લઈ લીધો!!

* * *

*હું વીજળી વાદળ પવન થૈને મળું, વરસાદની એકેક પળ અર્પણ તને.*
*જે બિંબ હંમેશાં ધરે મનભાવતું, એવું અરીસાઓનું છળ અર્પણ તને.*

*- અંકુર દેસાઈ*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## પુનામાં પર્યુષણ પર્વની આરાધના

શ્રી પુના સંઘમાં આ વર્ષે પણ પર્યુષણ પર્વની આરાધના અને ઉજવણી ખુબજ આનંદ અને ઉલ્લાસ થી સંપન્ન થઈ. દૈનિક પ્રતિક્રમણ દિનેશભાઈ જેઠાભાઈ લોડાયાના ઘરે રાખેલ. શ્રી મહાવીર જન્મ વાંચન, સપના અને પારણાજી નો કાર્યક્રમ એક હોલમાં યોજાયેલ. સપનાનું કુલ ધૃત ૪૪૨૦૯ મણ થયેલ. પારણું શ્રી વિજય મેઘજી લોડાયા પરિવારે પધરાવેલ. સૌએ ચોવિહાર નો લાભ લઈ અને પ્રભુજીની ભાવના ભણાવેલ. સપનાની ધૃત ઉછામણી વરસીતપ ના આરાધક શ્રી મનોજભાઈ ધરમશી એ કરેલ. તિલક કરવાનો ચડાવો ખુશાલ લાલજી મહેશ્વરીએ તથા મુનીમજીનો ચડાવો રતિલાલ કુંવરજી ધરમશી એ લીધેલ. મોક્ષની બારી ઉઘાડવાનો લાભ ભરતભાઈ લક્ષ્મીચંદ ભાટે એ લીધેલ. સાંવત્સરિક પ્રતિક્રમણમાં બહોળી હાજરી હતી. પ્રભાવનાનો લાભ માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવારે લીધેલ. ૨૭ ઑગસ્ટના યોજાયેલ સાવંત્સરિક ક્ષમાપના કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે પ્રવિણ ખેતશી કુરૂવા, રતિલાલ કુંવરજી ધરમશી, કાંતાબેન માણેકજી ધરમશી તથા મંજુલાબેન કેશવજી નાગડા બિરાજમાન થયેલ. નવકાર મહામંત્ર નો નાદ કાંતાબેન લક્ષ્મીચંદ રતાણી તથા સૌ. પ્રાચી બિરેન ધરમશી એ આગવી શૈલીમાં કરાવેલ. કાંતાબેન રતાણીએ સકલ સંઘને સામુહિક ક્ષમાપના કરાવેલ. જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો ચડાવો શ્રી યતિશકુમાર હિરાચંદ છેડા પરિવારે તેમજ તપસ્વીઓના બહુમાનનો ચડાવો હિરાબેન દિનેશ લોડાયા પરિવાર હસ્તે હેમલ લોડાયાએ લીધેલ. તપસ્વીઓને સંઘ તર્ફે ચાંદીનું અગરબત્તી સ્ટેન્ડ આપી અનુમોદના કરાયેલ. ત્યારબાદ પ્રમુખશ્રી કિશોરભાઈ રતાણીએ ત્રિવાર્ષિક સાધારણ ફંડમાં ઉદાર હાથે યોગદાન આપવા આવાહન કરેલ. પછી અષાઢીબીજ ના કાર્યક્રમના દાતાશ્રીઓને ટ્રોફી આપી સન્માન કરાયેલ. ત્યારબાદ વાર્ષિક વિદ્યાર્થીઓનું અભિવાદન કાર્યક્રમ થયેલ જેમાં દાતાશ્રી પ્રશાંત મોતા તથા અતિથી વિશેષ મહાનુભાવો ના હાથે ઈનામરૂપે સ્કુલ-કૉલેજ બેગ્સ અને વિદ્યાર્થીસંઘની નોટબુકો આપવામાં આવેલ. વિદ્યાર્થી અભિવાદનનો કાર્યક્રમ સૌ. મીતાબેન પ્રશાંત લાલકા દ્વારા વિશિષ્ટ શૈલીથી પાર પાડવામાં આવેલ. ત્યારબાદ અતિથી વિશેષોનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ. ઉપરોક્ત સર્વે કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી સૌ. રીટાબેન ભરત ભાટે, ઉપપ્રમુખ સૌ. કિર્તિબેન જયંત નાગડા તથા સલાહકાર શ્રી ખુશાલભાઈ મહેશ્વરી એ કરેલ. પર્વની ઉજવણી દરમ્યાન વિશેષ યોગદાન આપવા બદ્દલ આર. સી. એમ. હૉલ માટે સંજય ધરમશી, મનોજભાઈ ધરમશીને ચડાવાની ઉછામણી માટે ઉર્વેશ દંડ, હૉલની બુકીંગ તેમજ ડેકોરેશન માટે સૌ. રિતલ નાગડા તથા અમિત લોડાયા. વિદ્યાર્થી અભિવાદન કાર્યક્રમ માટે તેમજ ધિરજ દંડને ચૈત્ય પરિપાટી માટે અને સ્વાદિષ્ટ ભોજન વ્યવસ્થા માટે સૌ. કિર્તીબેન નાગડા પરિવાર તેમજ ભરતભાઈ ભાટેનો ખુબજ સહકાર મળેલ. તેમજ પીંપરી-ચીંચવડના સભ્યો માટે બસની વ્યવસ્થા યતિશકુમાર છેડાએ કરેલ. સ્વામીવાત્સલ્ય નો લાભ લઈ સૌ છુટા પડ્યા. તા. ૯/૧૦ સપ્ટેમ્બરના સકલ સંઘ અચલગચ્છાધિપતિ, તપસ્વી રત્ન આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી ગુણોદય સાગરજી મહારાજ સાહેબના દર્શન તથા વંદન અને ચૈત્યપરિપાટી રૂપે દેવલાલી નાશિક, ધર્મચક્ર, વણી તથા સંગમનેરના દેસાસરજી-જિનાલયોની વંદના કરાઈ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ, અમદાવાદ

૯-૯-૨૦૧૭ના રોજ મહિલા મંચની ચૈત્ય પરિપાટી કાઢવામાં આવેલ નડિયાદ ઉવસગ્ગરણ તીર્થ માં નવકારશી તથા પૂજા પાઠ કરીને ખેડા તીર્થ ગયેલ. માતરમાં બપોરનું જમણવાર, દર્શન કરીને મણિલક્ષ્મી તીર્થ ગયેલ, સાંજનું ચોવિહાર મણિલક્ષ્મી તીર્થમાં રાખવામાં આવેલ. ત્યાંથી અમદાવાદ તરફ પ્રયાણ કરેલ. સવારની નવકારશી પુરબાઈ


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

મહાલક્ષ્મી દંડ, બપોરનું જમણ દિવ્યાબેન છેડા એમના પુત્ર રાકેશનું જન્મદિનની ખુશાલી નિમિત્તે, બપોરની ચા/કોફી દમયંતીબેન દંડ (હ. હેતલ દંડ) તથા સાંજનું ચોવિહાર મહિલા મંચ કમિટી મેમ્બર્સ તરફથી રાખવામાં આવેલ. સમગ્ર જાત્રાનું સંચાલન મીરા ધરમશી તથા સુશીલા મૈશેરીએ કરેલ તથા બધા કમિટી મેમ્બરએ મેહનત કરેલ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મહાજન બાંડિયા**

આ વર્ષે મુંબઈ તથા બહારગામ થી આવેલ ૪૯ ગામવાસીઓની ઉલ્લાસિત હાજરીમાં અચલગચ્છ મુંબઈ થી આવેલ આરાધક બહેનો દ્વારા પર્વ ઉજવણી થઈ. કુલ ઘૃત અંદાજે ૫૭ હજાર મણ થયેલ. ઘણા વર્ષો પછી પ્રથમ વખત આવેલ ૪ પરિવારના અંદાજે ૧૪ સભ્યોએ ખૂબજ શાંતિ અનુભવી. સ્થાનિક કાર્યકર્તા મહેશ રતનશી મોમાયાનું સન્માન પત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું. પોથી તથા પારણું શ્રી નવિન રાયશી મૈશેરી પરિવારે પધરાવેલ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, અમદાવાદ**

૧૭-૯-૨૦૧૭ના રોજ સ્નેહમિલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. તપસ્વીઓનું બહુમાન તેમજ સામુહિક ક્ષમાપના તથા સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધેલ. નવયુવક મંડળે સારી વ્યવસ્થા ગોઠવી કાર્યક્રમનું સફળને સુંદર રીતે આયોજન કરેલ.

**સાંયરામાં શાનદાર પર્વ પર્યુષણની ઉજવણી**

સાંયરામાં આરાધના કરવા શ્રી મુનીશ્વર મહીલા મંડળ ડોમ્બીવલી વેસ્ટની ૪ બહેનો આવેલ. સારી રીતે બધી આરાધના કરાવેલ. ૧૮/૮/૨૦૧૭ થી ૨૭/૮/૨૦૧૭ સુધી ૧૦ દિવસ સાધર્મિક ભક્તિના તથા અન્ય પ્રોગ્રામના દાતાશ્રીઓ તરફથી કરવામાં આવેલ.

કલ્પસૂત્ર પોથી પધરાવાનું લાભ મણ ૮૦૦૧માં માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા હસ્તે ઉત્તમભાઈ લીધેલ. કલ્પસૂત્રનો વરઘોડો તથા જાગરણમાં ઔર રંગત જામી હતી.

પારણું પધરાવાનું લાભ મણ ૮૦૦૧માં શ્રી પોલમી સંદીપ જોતવાની હસ્તે ભદ્રેશભાઈ પટેલ લીધેલ.

૨૪-૮-૨૦૧૭ ના માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા હસ્તે ઉત્તમભાઈ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં શ્રી વરાડીયા સંઘ આવેલ બંને સંઘો ભાવનામાં સારી રમઝટ બજાવેલ.

૨૭/૮/૨૦૧૭ના સમૂહ ક્ષમાપના સમૂહમાં રાખેલ ત્યારે જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવાનું લાભ માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા હસ્તે ઉત્તમભાઈએ લીધેલ. તપસ્વીઓનું બહુમાન તથા સ્ટાફ તથા અન્યનું બહુમાન કરવામાં આવેલ. રંગમંડપ ખોલવાનું લાભ માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા હસ્તે ઉત્તમભાઈએ લીધેલ. મૂળનાયકનું ગંભારો ખોલવાનું લાભ માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાન્તીલાલ લોડાયાએ લીધેલ. શ્રી શાન્તીનાથ દાદાની દેરી ખોલવાનું લાભ શ્રીમતી પ્રેમીલાબાઈ પદમશી લોડાયાએ લીધેલ. અનંતનાથ દાદાની ડેરી ખોલવાનું લાભ શ્રીમતી ખમાવંતીબાઈ વાલજી ખોનાએ લીધેલ.

**૨૦૭૪ના વાર્ષિક ચડાવા લીધેલ જેની યાદી**

વાક્ષેપ પૂજા – શ્રીમતી પ્રેમીલાબાઈ પદમશી લોડાયા
પક્ષાળ પૂજા – શ્રીમતી વિમલાબેન જવેરચંદ અરજણ લોડાયા
અંગલૂછણા – શ્રી હીરાચંદભાઈ શામજી નાગશી મોમાયા
ચંદનકેસર પૂજા – માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા
પુષ્પ ફુલ પૂજા – માતુશ્રી દમયંતીબાઈ લખમીચંદ લોડાયા
ધુપ અગરબત્તી પૂજા – શ્રીમતી પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા
દીપક પૂજા – કુ. આકાશ વિજય નારાણજી ધરમશી
અક્ષત પૂજા – શ્રીમતી ભાગ્યવંતીબાઈ હીરાચંદ મોમાયા
નૈવેદ્ય પૂજા – કુમારી રૂચી વિજય નારાણજી ધરમશી
ગરમ પાણી – શ્રીમતી રેખાબેન પરેશ જવેરચંદ લોડાયા
શ્રી કલ્પસૂત્ર વહોરવાનું – માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા
૧૨૦૦ સૂત્ર વહોરવાનું – માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા

પર્વ દરમ્યાન મુંબઈ દેશાવર થી ૫૦ ભાવિકો આવેલ. ભોજન શાળાના ફોટા સ્કીમમાં ૫ નામ આવેલ. ૧) પૂ. સા.શ્રી બાલ સાધ્વીશ્રી કલ્પકિરણાશ્રીજીનું ફોટો એમના પિતાશ્રી નરેન્દ્રભાઈ દામજી લોડાયા આપેલ. તથા કાયમી ભોજનલયમાં ૧૧૦૦૦ના ૫ નામો આવેલ. ભાદરવા સુદ ૭ ૨૮-૮-૨૦૧૭ના ચૈત્ય પરીપાટીમાં સાંયરાથી દાદાના દર્શન તથા ગુરૂવંદન કરવા ગયા. જેમાં ગ્રુપ નં. ૧માં કોઠારા, લાલા, જખૌ, નલીયા, તેરા, બાંઢીયા ગામો આવેલ. ગ્રુપ નં. ૨માં સુથરી, મકડા, કોટડા, દેવપર, ગઢશીશા, શેરડી, ડુમરા, લાયેજા, નવાવાસ, રાયણ, નાના આસંબીયા ગામો આવેલ. ૪-૯-૨૦૧૭ના શ્રીમતી લીલાવંતી રાયચંદ નરશી ધ્રોળ પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં રતીલાલભાઈ તથા કસ્તુરીબેન વગેરે રમઝટ જમાવેલ. ૫-૯-૨૦૧૭ના શ્રીમતી લીલાવંતી રાયચંદ નરશી ધ્રોળ પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ તથા સ્કુલમાં પ્રભાવના થયેલ.

**શ્રી લાલા ગામવાસીઓ તથા લાલામાં વસતા રાણપર વાસીઓ તથા નિયાણી બહેનોનું સ્નેહમિલન**

શ્રી લાલા ગામવાસીઓ તથા લાલામાં વસતા રાણપર વાસીઓ અને સર્વે નિયાણી બહેનોનું સ્નેહમિલન ૧૪-૧-૨૦૧૮ રવિવારના શ્રી જીવરાજ ભાણજી સભાગૃહ

મધ્યે આયોજન કરવામાં આવેલ છે. રૂા. ૧૧૦૦૦/- ના દાતા આવકાર્ય છે. વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

**શ્રી લાલા ગામની ચૈત્ય પરિપાટી દેવલાલી મુકામે**

ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ને વંદન કરવા ૧ ઑક્ટોબર ૨૦૧૭ રવિવારના પુરો દિવસ લિમિટેડ સીટ્સ (૧ બસ - ૪૦/૪૫ જણ) ચાર્જેસ રૂા. ૩૦૦/- (નોન રિફંડેબલ) નવકારશી, બપોરના જમણ અને સાંજના ચોવિહાર સહિત જલ્દીથી પોતાના નામ નોંધાવવા વિનંતી (વહેલા તે પહેલા). સંપર્ક : 09870070027 / 09869324944.

**સાહસીક પર્વતારોહી હર્ષ શિયાલને અભિનંદન**





હર્ષ ચંદ્રેશ જેતશી શિયાલ - દલતુંગી (મુલુંડ)એ કલીંડીખાલ પાસ ટ્રેક ઉત્તરાખંડમાં ૨૦૦૦૦ ફુટની ચઢાઈ ગંગોત્રીથી પ્રારંભ કરીને બદ્રીનાથ સુધીના આ ખૂબજ મુશ્કેલ પર્વતારોહણને સફળતાપૂર્વક પરિપૂર્ણ કર્યું છે.

**પર્યુષણ પર્વના વિગતવાર અહેવાલ મોકલવા વિનંતી**

આપના સ્થાનિક જિનાલય, દેરાસરજી, મહાજન, મંડળ, ટ્રસ્ટના ઉપક્રમે ઉજવાયેલ પર્યુષણ પર્વ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ, ઘૃત બોલીઓ, દરેક સ્વપ્નના ચડાવા, તપસ્યા, આરાધના ઇત્યાદિના વિગતવાર સમાચાર મોકલવા તથા જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ પણ જણાવવા વિનંતી છે. શક્યતઃ વધારે વિગતવાર સમાચાર પ્રકાશિત થશે.

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે**

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. અહેવાલમાં જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. શક્યતઃ વધુમાં વધુ વિગતો પ્રગટ થશે.

**સાભાર સ્વીકાર :**

'કચ્છ અર્પણ' અંક (જુલાઈ ૨૦૧૭) તંત્રી : શ્રી નવીન પટેલ (વડોદરા) મુખપુષ્ઠ પર કચ્છના નાના રણની શાન એવા ઘુડખરનો મનમોહક ફોટો છે. આ ફોટોને લગતી કોઈ અનામી કવિની પંક્તિઓ એને જીવંત બનાવે છે, તેમજ અંકની મુખ્ય કથા **'કચ્છના રણની શાન, ઘુડખર છે એનું નામ'**માં કચ્છના રણમાં વસતા આ અલભ્ય પ્રાણીના જીવનની ગાથાને સુક્ષ્મ રીતે વર્ણવવામાં આવેલ છે. નવતર પ્રયોગ તરીકે દેવનાગરી લિપિમાં લખાયેલ. તંત્રી લેખ **''બ ગાલ્યું ધિલ જિયું''**માં તમામ કચ્છીઓને એક બીજા સાથે કચ્છીમાં જ વાતચીત કરવા તેમજ સપ્તાહમાં એક દિવસ કુટુંબમાં કચ્છી સાહિત્યનું વાંચન કરવા અનુરોધ કરાયો છે તે વાત હૃદયસ્પર્શી છે.

ઉપરાંત વિવિધ રીતે બોલાતી કચ્છી ભાષા અંગે થયેલ સર્વેક્ષણની માહિતી **'કચ્છી ભાષાનું દસ્તાવેજીકરણ'**માં આપવામાં આવેલ છે. ડૉ. ગુલાબ દેઢિયા લિખિત **'રસ્તો રોક્યો તો ભલે રોક્યો'**માં ગરમાળાના ઝાડ વિશે સુંદર વર્ણન છે. તો **'નિશાળની ચોપડીઓ'**માં શાળામાં ભણવા માટે મળતા ચોપડાઓની કથામાં **રવિ પેથાણી 'તિમિર'** પોતાના બાળપણના દિવસોની દાસ્તાન કહે છે. નવી કોલમ **'વેપાર અને વહેવાર'**માં ધંધો શરૂ કરવા માટે જરૂરી કાયદાઓની માહિતી **સી.એ. મણીલાલ પારસીયા** દ્વારા અપાઈ છે. **વિશ્રામ ગઢવી** કચ્છનાં લોકસાહિત્યકારોનો વિસ્તૃત પરિચય **'કચ્છના લોકસાહિત્યકારો-૨'** માં કરાવે છે. કચ્છની પૃષ્ઠભૂમિમાં રચાયેલ **ગુણવંતરાય આચાર્ય રચિત સાગરકથા 'દરિયાલાલ'** વધુ રસિક બની છે. **'વૉટસએપ પેજ'**માં વાર્તા **'રજાચીઠ્ઠી'** અને તેની સાથે કચ્છી દાબેલીની વાત પણ રસપ્રદ છે. કચ્છી ચૉવકોની કોલમ **'ચૉવક કથા'**માં **'પંજી પારણી'**માં **લાલજી મેવાડા 'સ્વપ્ન'** એ નવી વાત મુકેલ છે, **સુષમા શેઠ**ની વાર્તા **'કોના માટે'** પણ બધાને વિચારતા કરી મુકે તેવી છે. **'સાહિત્ય અવલોકન'**માં નવા પુસ્તકો વીશે જાણકારી તથા **'આપણી વિરાસતો'માં પ્રમોદ જેઠી** દ્વારા માધાપર પાસેની સેલોર વાવની માહિતી એમના સ્વહસ્તે દોરાયેલ સ્કેચ સાથે આપેલ છે. તો **'આપણી વેબસાઈટ'** માં આ વખતે ભુજ શહેરની વેબસાઈટ **www.bhujada.com**ની માહિતી અપાયેલ છે. ઉપરાંત વતનનાં વાવડ, કીચન કોર્નર વિ. ધ્યાનાકર્ષક છે. એકંદરે, આખો અંક વૈવિધ્યપૂર્ણ રસથાળ બન્યો છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી પ્રેમિલાબેન પદમશી શાહ (શિયાલ)** (PS 883) | ૫૦૯, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **ઉદયપાલ થોભણ મોમાયા** (PS 2263) | ફ્લેટ નં. ૩૮/૧૦૩, વર્ધમાન નગર, કચેરી રોડ, બિટકો, માહિમ ચિંટુપાડા, પાલઘર (વેસ્ટ) - ૪૦૧ ૪૦૪. મો.: 09082334787 |
| **હંસકુમાર ધનજી હેફા** (PS 7330) | એ-૭, નવ માઉલી કો.હા.સો., ૧લે માળે, માનપાડા રોડ, રામચંદ્ર નગર, આઈકોન હોસ્પીટલ પાસે, ડોમ્બીવલી (ઈ)-૪૨૧ ૨૦૧ |
| **જયંતીલાલ જેઠાભાઈ મૈશેરી** (PS 6770) | હસ્તી કો-ઓપ. બેંક પાસે, મહારાણા પ્રતાપ માર્ગ, અમલનેર - ૪૨૫ ૪૦૧. Jayantilal 09322802225, Jayvantiben 09321217979 |

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૯-૧૭ | વાપી | સિધ્ધાર્થ મયુર હંસરાજ ખોના | કોઠારા | ૨૩ |
| | ડોમ્બીવલી | તેજલ ખીરેશ રાયચંદ ધ્રોળ | કોઠડી (મહાદેવપુરી) | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૯-૧૭ | મશીદ બંદર | કુનાલ ઉર્મિલ જયચંદ મોતા | સુથરી | ૨૭ |
| | ગ્રાંટ રોડ | તૃષા પરેશ કાંતિલાલ શાહ | ચંડીસર | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૯-૧૭ | ભુસાવળ | દિપક દામજી પોલડીયા | ગોએરસમા | ૬૧ |
| ૧૯-૦૯-૧૭ | કાંજુર માર્ગ | શીવજી રતનશી મોમાયા | વરાડીયા | ૭૨ |
| ૧૯-૦૯-૧૭ | ઘાટકોપર | ચંદનબાઈ દેવશી લોડાયા | વરાડીયા | ૮૭ |
| ૧૯-૦૯-૧૭ | અમદાવાદ | લક્ષ્મીચંદ દેવરાજ દંડ | સાંધવ | ૭૮ |
| ૨૦-૦૯-૧૭ | ડોમ્બીવલી | ઠાકરશી કલ્યાણજી દંડ | વરાડીયા | ૭૨ |
| ૨૦-૦૯-૧૭ | મુલુંડ | પ્રમોદ હિરજી લોડાયા | સુથરી | ૭૮ |

## દુનિયાના ટોચના અબજપતિઓ આવી રીતે પૈસા બચાવે છે.



**માઈકલ બ્લૂમબર્ગ : બે જોડી શૂઝમાં તેમણે દસ વર્ષ કાઢી નાખ્યાં.**
બ્લૂમબર્ગ એમ્પાયરના માલિક દસ વર્ષ સુધી ઓફીસ જવા માટે બે જોડી જૂતાં જ સમારકામ કરાવી પહેરતા રહ્યા. તે ઓફીસની કેન્ટીનમાં જમતા અને કોફી પીવા માટે સૌથી નાના મગની પસંદગી કરતા જેથી બચત થાય. **સંપત્તિ રૂા. ૩.૩૯ લાખ કરોડ**



**કાર્લોસ સ્લિમ : ૩૦ વર્ષથી સામાન્ય મકાનમાં જ રહે છે.**
મેક્સિકોની સૌથી ધનિક વ્યક્તિ ૩૦ વર્ષથી પરિવાર સાથે સામાન્ય ઘરમાં જ રહે છે. કાર જાતે ચલાવે છે. રજાના દિવસે બહાર જવાને બદલે પરિવાર સાથે સમય પસાર કરે છે. કિડનેપિંગનો ભય હોવા છતાં બોડીગાર્ડ નથી રાખતા. **સંપત્તિ રૂા. ૪.૩૫ લાખ કરોડ**

આડી ચાવીઓ
૧) બે, ૨) ચોરો, ૩) શ્રેય, ૭) ઈન્દ્ર, ૮) સુતારા, ૧૦) વાસુ, ૧૨) મન, ૧૪) ચીતા, ૧૫) સુમતિનાથ, ૧૮) નામ, ૨૦) મલ્લીનાથ ૨૧) માન, ૨૩) નાથ, ૨૪) દશરથ, ૨૫) સુવિધિનાથ, ૨૭) શીલ, ૨૮) વીર, ૩૧) ચક્રેશ્વરી, ૩૨) ગિરીરાજ, ૩૫) રથ, ૩૬) ચીત

ઊભી ચાવીઓ
૩) શ્રેયાંસનાથ, ૪) ચંદ્ર, ૫) કુસુમ ૬) આરા, ૭) ઈલાચી કુમાર, ૯) તાન, ૧૧) સુમતીનાથ, ૧૩) કુસુમ, ૧૬) મલ્લીનાથ ૧૭) નાથ, ૧૯) મહાવીર, ૨૦) નથડી, ૨૪) દલતુંગી, ૨૫) સુવિચાર, ૨૬) નાગકેતુ, ૨૯) મરીચી, ૩૦) તેરા, ૩૩) રીત, ૩૪) જય

## ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ



**સ્વ. દિપકભાઈ દામજી પોલડીયા**
(ગોએરસમા) ભુસાવલ
જન્મ તા. ૧૪/૨/૧૯૫૬ અરિહંત શરણ તા. ૧૭/૯/૨૦૧૭

પ્રેમાળ હતી તમારી જીવનશૈલી, સદગુણો હતા તમ શણગાર...
સુખ દુઃખથી રહ્યા નિરપેક્ષ તમે, દિલથી રહ્યા સદા દાતાર...
અજવાળી ગયા જીવન અવતાર...
અર્પીએ સ્નેહભીની અંજલી આપને, સોની પરિવાર...

**શોકાતૂર**
**શા. ગોવિંદજી નેણસી સોની**

## સ્નેહભીની સ્નેહાંજલિ



**સ્વ. દિપકભાઈ દામજી પોલડીયા**
(ગોએરસમા) ભુસાવલ
જન્મ તા. ૧૪/૨/૧૯૫૬ અરિહંત શરણ તા. ૧૭/૯/૨૦૧૭

માત્ર સ્વજન નહી, આપ અમારૂ સર્વસ્વ,
અનેક સુકૃતોથી સુધારી ગયા ભવ,
આપની ચિરવિદાય અમારા માટે હૃદય ચીરતો અનુભવ,

**શોકાતૂર**
**શા. દેવશી કચરાભાઈ ડાગા પરિવાર (ગોએરસમા)**
**અમલનેર–પારોલા–દેવલાલી**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. દિપકભાઈ દામજી પોલડીયા**
(ગોએરસમા) ભુસાવલ
જન્મ તા. ૧૪/૨/૧૯૫૬ અરિહંત શરણ તા. ૧૭/૯/૨૦૧૭

અમ હૈયાના કણ કણમાં, રહેશો સદાય આપ...
આવજો કહ્યું ને સહજમાં ચાલી ગયા...
જીંદગીના બધા અરમાન પણ હાલી ગયા...
લઈ ગયા સર્વસ્વ અમારું એ કહીએ કેવી રીતે
આપ તો બે હાથ ખંખેરી ચાલી ગયા...
વંદનાંજલિ આપતો આપનો પરિવાર...

**શોકાતૂર**
**શા. રતિલાલ ટોકરસી લોડાયા પરિવાર (સાંયરા)કોઈમ્બતૂર**

## હૃદયપૂર્વક ઋણાંજલી



**સ્વ. દિપકભાઈ દામજી પોલડીયા**
(ગોએરસમા) ભુસાવલ
જન્મ તા. ૧૪/૨/૧૯૫૬ અરિહંત શરણ તા. ૧૭/૯/૨૦૧૭

અમ હડ્યાના કણકણમાં, સદા સજીવન આપ...
વટવૃક્ષ જેવા વિશાળ પરિવારને છોડી અચાનક લીધી તમે વિદાય...
સાગરરથમાં સંભારણા તાજા કરીએ, તો હૈયે ભીનાશ હજુય સદાય...
તમારા શબ્દો અને સ્મરણ ભીંજવે છે અમારી આંખલડી...
કેમ ભૂલ્યા તમે અમારી વાટલડી...

**શોકાતૂર**
**શા. શામજી મુલજી પોલડીયા પરિવાર (બાયઠ)**
**પારોલા**

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

કાર્યાલય : નરેન્દ્ર શામજી દંડ, ૧૬ શાંતિ ભુવન, ત્રીજે માળે, મેકડોનાલ્ડની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૪ ૭૫૭૨ ● ઈ-મેલ : narendra_shah2006@yahoo.co.in

## નેહ નીતરતું નિમંત્રણ

પ્રતિ,

વ્હાલા ગામવાસીઓ,

સાદર પ્રણામ.... જય જિનેન્દ્ર.... નવા વર્ષની શુભકામનાઓ....

પરસ્પર હળી-મળીએ, ભાતૃભાવ કેળવાય તથા ગમતાનો ગુલાલ કરવા તેરા મહાજનશ્રી, તેરા ટ્રસ્ટ બોર્ડ તથા શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ દ્વારા સંયુક્ત 'સ્નેહમિલન' નું આયોજન કરવામાં આવેલ છે. નિયાણી બહેનોએ સપરિવાર પધારવા વિનંતી. આશા છે કે, આપ સૌ આમંત્રિતો સમયસર ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**શુભ દિન :**
રવિવાર, તા. ૦૮-૧૦-૨૦૧૭,
સમય : સવારના ૯.૦૦ કલાકથી
સાંજના ચૌવિહાર સુધી.

**શુભ સ્થળ :**
નારાણજી શામજી મહાજન વાડી,
ભાઉ દાજી રોડ, માટુંગા (સે.રે.),
મુંબઈ - ૪૦૦ ૦૧૯.

**-: કાર્યક્રમની આછી રૂપરેખા :-**

દીપ પ્રાગટ્ય ● નવકારમંત્ર પઠન ● ગુરૂદેવ દ્વારા માંગલિક ● સ્વાગત પ્રવચન - પ્રમુખશ્રી તથા અતિથી વિશેષ મહાનુભાવોના આશીર્વચન ● ધ્વજાના ચઢાવા તથા સર્વસાધારણ ફંડના નકરાની નોંધ ● સ્વામી વાત્સલ્ય ● તેકુલાધુ અહેવાલ ● સાધારણ ફંડની આની બાબત, તેરા મુકામે અઢાર અભિષેકના ચઢાવા, આગામી કાર્યક્રમો તથા અન્ય યોજનાઓની જાહેરાતો ● સાંસ્કૃતિક કાર્યક્રમ ● તપસ્વી વંદના ● સરસ્વતી વંદના.

**મહાકાલી માતાજીના ભાવનાના લાભાર્થી : શ્રી મયુર ચાંપશી નાગડા પરિવાર**
**રાસ રમઝટ : ચેતનાબેન હરિયા અને પાર્ટી**

**નમ્ર નિવેદન :** ૧) આ સ્નેહમિલનના ખર્ચ માટે સૌજન્ય દાતાઓ આવકાર્ય છે. આના ફોડમાં દરેક પરિવારને પોતાનું યોગદાન આપવા નમ્ર વિનંતી. ૨) સંઘ સંબંધિત નકરા કે ચડાવાની રકમ ભરવાની બાકી હોય તો તે સ્થળ ઉપર સ્વીકારવામાં આવશે.

એજ લિ. **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ વતી**

પ્રમુખ : **શ્રી પ્રફુલ ચિમનલાલ મોતા** - ૯૮૧૯૪ ૫૦૦૦૪

ઉપપ્રમુખ : **કવિતા હેમંત ધુલ્લા** - ૯૬૧૯૩ ૧૨૩૧૩
સહઉપપ્રમુખ : **વિપુલ વિનોદ ધુલ્લા** - ૮૮૭૯૩ ૩૩૫૯૯
માનદ્મંત્રી : **દક્ષા લાજેશ મોતા** - ૭૨૦૮૪ ૦૮૫૦૮
સહમાનદ્ મંત્રી : **નિમેષ મણીકાંત મોતા** - ૯૯૨૦૨ ૮૧૪૧૪
ખજાનચી : **રાજેશ નારાણજી ખોના** - ૮૪૫૦૯ ૭૯૮૯૪
સહખજાનચી : **મોનિકા ગોવિંદજી મોતા** - ૯૮૯૨૦ ૨૬૫૬૮

સહકમિટી કાર્યકર્તા : **કમલેશ શિવજી શીયાળ** - ૯૮૬૭૯ ૭૯૨૮૯, **મમતા મયુર ધરમશી** - ૯૫૯૪૩ ૩૮૩૫૮

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ - તેરા**



|| શ્રી આદિનાથાય નમો નમઃ

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ



કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. • ફોન: ૦૨૮૩૧-૨૮૨૩૧૮

## મુઠ્ઠી ઉંચેરા વાત્સલ્યમય પ્રેમાળ, મમતાળુ હેતાળને (ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી)

અવતરણ:
૨૪-૦૮-૧૯૪૯
બુધવાર
કચ્છ (સાંયરા)



મોક્ષ ગતિ પ્રયાણ:
તા. ૧૨-૦૯-૨૦૧૭
મંગળવાર
વડોદરા મુકામે

## શેઠશ્રી મણીકાંત રતનશી કુંવરજી લોડાયા

કચ્છ સાંયરા, ઉજ્જૈન, ડોમ્બીવલી, વડોદરા

**સમાજરત્ન, સાંયરારત્ન, કચ્છશક્તિ, વ્યવસાયિક સાથી વડીલશ્રીને આદરાંજલિ.**

સૌ પ્રત્યે આદર, સદ્ભાવના, સદ્ગુણો વડે વ્યવસાયિક જીવનમાં સ્નેહના સ્વરોનું સર્જન કરી માનવી જીવનને યથાર્થ કરનારા મુઠ્ઠી ઉંચેરા સ્વજન આપમાં રહેલા સેવા, ધર્મભાવના, સહયોગ, સમર્પણ અને સૌજન્યના સદ્ગુણો સદૈવ અમોને સ્મરણશે. દુઃખની આ પળોમાં અમે પરિવાર સાથે સહભાગી છીએ. સદ્ગતના દિવંગત આત્માને પરમાત્માના ધામમાં સુખની શીતળ છાયા અને સનાતન શાંતી સાંપડે.

એમના દિવ્ય આત્માને શીઘ્રાતીશીઘ્ર મોક્ષધામ આપી પંચમગતિમાં સ્થાન આપજો એજ અમારી પ્રાંજલ પ્રાર્થના.

લિ.

**શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

સાંયરા વિકાસ મંડળ ❖ સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ

સાંયરા યુથ ફોરમ ❖ સાંયરા સહિયર ❖ સાંયરા ધાર્મિક સમિતી

શ્રધ્ધાના સુમન અર્પણ કરે છે.

UPASANA - 98201 67767

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (25-09-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

|| ઓમ શ્રી સોદેવપીર દાદાય નમઃ ||

# પ્રથમ પુણ્યતિથીએ સ્નેહપૂર્ણ શ્રધ્ધાંજલિ



## સ્વ. પદમશી રતનશી ગોશર (બાયઠ)

અરિહંત શરણ : તા. ૨૦-૯-૨૦૧૬

ચિઠ્ઠી ના કોઈ સંદેશ જાને હૈ વો કૌનસા દેસ
જહાઁ તુમ ચલે ગયે
એક આહ ભરી હોગી હમને ના સુની હોગી
જાતે જાતે તુમને આવાજ તો દી હોગી
હર વક્ત યહી હૈ ગમ ઉસ વક્ત કહાં થે હમ
જહાં તુમ ચલે ગયે
અબ યાદોં કે કાંટે ઈસ દિલ મેં ચુભતે હૈ
ના દર્દ ઠહેરતા હૈ ના આઁસૂ રુકતે હૈ
તુમ્હેં ઢુંઢ રહા પરિવાર હમ કૈસે કરે ઈકરાર
કિ હાં તુમ ચલે ગયે

**તમે જ્યાં પણ હો અમારા પર આશિષ વરસાવતા રહેજો....**

## પ્રિયંકા મહેન્દ્ર ગોશર પરિવાર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,